[illegible]

[illegible]

[illegible]
[illegible]



[illegible]
[illegible]

[illegible]

ગુજરાતી ગઝલ

સાગર

પ્રથમ પુષ્પ.

પ્રયોજકને પ્રકાશક:

જેઠીશાનદાસ ત્રીભોવનદાસ પટેલ.

બુકસેલર્સ એન્ડ પબ્લીસર્સ.

ઠે તારઓફીસ સામે-સુરત.

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦.

ઈ. સન ૧૯૨૦ સર્વ હક સ્વાધીન. સંવત ૧૯

સુરત ચકિટાના પુલપર ટાંકી પાસે આવેલા "

પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ "

કીંમત ૬

આભાર દર્શન.

આધુનિક સમયમાં દીન પ્રતિદીન ગઝલો અને એનેજ મળતી રસિક કવિતાનો વધતો જતો શોખ કેટલાક મહાશયોએ મોટા પ્રમાણમાં ફેલાવવા પ્રયત્ન આદર્યો છે. અને આદરે . પરંતુ તેઓએ સંગીન રૂપમાં પોતાની કૃતિઓને બહાર પાડી મધ્યમ વર્ગના તેમજ અસાધારણ વર્ગના લોકોને મોટો લાભ લેતા અટકાવેલા છે. પ્રસ્તુત પ્રકાશક આ નાનકડી પણ રસમય કવિતાનું પુસ્તક ગુર્જર પ્રજાના પ્રિય સાક્ષરો સાગર, કલાપી, વસંત, બુલબુલ, અને દિવાનાનાં છૂટાં છૂટાં કાવ્યો તેમજ ગુજરાતી પત્રના દિવાળીના ખાસ અંકમાંથી મેળવેલી કવિતાનો સંગ્રહ પ્રગટ કરે છે. અને તે સાથે ગુર્જર પ્રજાનું વિપુલ દ્રવ્ય તેઓનેજ અર્પણ કરે છે. વિશેષમાં ગુજરાતી પત્રની સાહિત્ય સેવામાંથી મેળવેલા સાહિત્ય સાથે ગુજરાતીનું નામ જોડી આ નાનકડા ગુચ્છનું નામ "ગુજરાતી" ગઝલ સાગર રાખી કૃત-
માને છે. વિશેષમાં લેખક મહાશયોનો આભાર માની અત્રે
ું.

મહાશયોને આમંત્રણ કરે છે કે તેઓએ પોત
ત્ર કૃતિઓનો મારા જેવા એક નાનકડા પ્રકા-
ત્તેજન આપવું. એજ.

લી૦ સેવક,

શનદાસ ત્રીભોવનદાસ.
મેકર એન્ડ પબ્લીસર્સ.
તાર આફીસ સામે—**સુરત.**

પ્રભુના તેજ (આશાની લય)

મંગળ અંબર તેજ-વિલાસ-પ્રભૂનાં
પ્રિયતમ પુણ્ય પ્રકાશ-૧ મંગળ
દિવ્ય પ્રભામય દેવતણાં દૃગ ! છલકે સ્નેહ સરિત !
પ્રસન્ન વદન પરમાનંદ પ્રગટે ! લીલા રમ્યલલિત;
પ્રભૂનાં મુદ પર મંદસુહાસ-૨ મંગળ.
તેજ કિરણ વિલસે અવનીનભ-સુંદર રંગ સુહંત ?
ચેતન આરૂં-પ્રગટે ચોદિશ-ઉષ્મા અંગ અનંત:
પ્રવૃત્ત પ્રાણ તણા સુવિકાસ-૩ મંગળ.
હૃદય વેદીને પ્રણય યજ્ઞો-સ્વાત્મ હવિષ્ય પુનીત:
ઐક્યધૂનઃ સાહાય સુઘોષો-આર્ય પ્રાણ પ્રણીત;
પ્રેમમય પ્રાણ-યજ્ઞ પ્રકાશ-૪ મંગળ.
પૂર્ણ પ્રતાપી તેજ-પ્રભા એ પ્રકટે ઉર આનંદ:
પૂણ્ય અતિશય યજ્ઞ-પ્રસાદી સંકટહર સુખ-કંદ;
પ્રફુલ્લિત પ્રાણ પ્રભૂ આવાસ-૫ મંગળ.

જયન્ત.

(અમલદારી હમારી છે)

(ગઝલ)

પ્રભુથી ના અમે ડરીએ, હીસે ઈચ્છયું સદા કરીએ;
ન કોની દાદ સાંભળીએ, અમલદારી હમારી છે.
નથી નિતી તણી પરવા, નથી ધર્મોજ આચરવા;
નથી વિચાર કંઈ કરવા, અમલદારી હમારી છે.
ભલે હો રંક કે શ્રીમંત, ભલે હો નેક–ન્યાયીપંથ;
ભલે ભાવે ભજો ભગવંત, અમલદારી હમારી છે.
ગમે તેવાં અમે ભુડાં, તમે રૂડા થકી રૂડા;
છવાં પહેર્યાં કરે ચુડા, અમલદારી હમારી છે.
અમારો રોફ છે જુદો, અમારો ટેક છે જુદો;
અમારો રાહ છે જુદો, અમલદારી હમારી છે.
ગરીબોને અમે દમીએ, અમારે સ્વાર્થે વિરમીએ,
ન કોઈને અમે નમીએ, અમલદારી હમારી છે.
થતો અમ ખૉફ જેનાપર, ન કરતો સ્હાય તેને હર;
અજબ એવો હમારો ડર, અમલદારી હમારી છે.
છતાં જે રાખતો રાજી, કહે "હાજી" બધુ "હાજી"
થતો નિર્વિઘ્ન તે પાજી, અમલદારી હમારી છે.
ગણો હમોને પ્રભુ જગમાં, અમે મોટાં સદા કદમાં;
ચુમો અંગુલ પડી પદમાં; અમલદારી હમારી છે.

ભવિષ્યના ખ્યાલ સૌ ખોટા, અમે આજે છીયે મોટા;
નથી 'પ્રેમી' કંઈ તોટા, અમલદારી હમારી છે.

કાશીરામ ભાઉશંકર ઓઝા.

તો શું.

(કવ્વાલી)

અમારૂં આખરે મૃત્યું સુયત્નોમાં થયું-તો શું ?
પ્રયત્નોમાં બધું આયુષ્ય જો વિતી ગયું-તો શું ?
કરીને સ્વપ્નનું મર્દન ચઢાવી ચેતના ચંદન
સુધારો મોક્ષનું સાધન, બીજું કંઈ ના ચહયું-તો શું ?
થયા છો ખાખથી પેદા, થવાના ખાખમાં ભેગા;
ઉગ્યું જો પાંદડું આજે, સવારે તે ખર્યું-તો શું ?
લખ્યું છે જન્મથી મૃત્યું. થયું જે પ્રાપ્ત તે વિત્યું;
બંધ્યું રૂ જે હતું કાંત્યું, સુધાર્યું તે સર્યું-તો શું ?
કૂહાડો કાળનો કૂડો કરે છે સર્વનો ચુરો
પછી નિજ કર્મને કરતાં, પાપે જીવન હર્યું-તો શું ?
ગરજતી મેઘની ઝરણી, તૂટે જેમ ફૂટતી ધાણી;
ચઢયું જે ઉતરે પાણી, કદી આજે વહ્યું-તો શું ?
પ્રલયની આગ ફુંકે છે, બળીને ઝાડ ઝુકે છે;
બગીચા સર્વ સૂકે છે, પછી છેલ્લું દહ્યું-તો શું ?

બળે પેદા થવા માટે, મરે છે જન્મવા માટે;
મરીશું જીવવા માટે, પછી આ-તન ગયું-તો શું ?

કેસરી.

ખરેખર ભૂલ એ મ્હારી.

ગયો ઉત્સુક દીનભાગી, સાગરમાં ડૂબવાને સુખે,
હશે ત્યાં ખાર ના જાણ્યુ ખરેખર ભૂલ એ મારી !
હૃદય આ યોગ્ય કીધૂંને પ્રણય શૂં તે મ્હડાવ્યૂં એ;
ઉથામ્યાં પ્રેમનાં પોથાં ? ખરેખર ભૂલ એ મારી !
હસીને હોંસમાં હરદમ, મીઠાં કંઇ ગીત ગાઇશું
નિરાશા એ ગણી આશા ! ખરેખર ભૂલ એ મારી !
ઝમીંપર ચાલવા તાકાત, નહીં તોયે હું ફેંકૂં છું;
દડા અસ્માનમાં મ્હારા ! ખરેખર ભુલ એ મારી !
જીવનમાં ઝેર ભેળાયૂં અભાગી તોયે જીવૂં છું !
તજાતૂંના ! મરાતૂંના ! ખરેખર ભૂલ એ મારી !
ભૂલો હૂં આ પિછાનૂં છું! છતાં આ આલમે રહૂં છું !
જતો નથી જંગલે ચાલ્યો ! ખરેખર ભૂલ એ મારી !
અજાણી લાઇલાઝીના ! છતા નિઃશ્વાસ આ મારા,
હવામાં હૂં ગુમાવૂં છું ! ખરેખર ભૂલ એ મારી !

સાગર.

૭

હમારી પરેશાની.

પરેશાની હમારી આ, ઈલમનૂં કૈં મલમ માગે:
તમે કૈં જાદુ કરવાના, ન હીંતો વાત કહેશો ના!
હકીમ જહાંમાં નથી કોઇ, મિટાવે દર્દ આ એવો!
તમે ઉસ્તાદના એવા! પછી આ બોલ શા લખવા!
જવાં મર્દી હમારી સો! ખતમ થઈ ગઇ જુવાનીમાં!
ગમીમાં ઝિન્દગી જાસે! છતા એ વાત કહેશો ના!
હમારી લહેર કૈં જુદી! મગઝમાં કૈં ભર્યૂં ભારે!
કરીને કલ્પના કૈં કૈં! ઘડીને ભાગતા કૈં કૈં!

હમે દિલમાં ઘડ્યું કૈં કૈં! ફના કરવા તમે આવ્યા!
છતાં કૈં ફાવવાના ના! રહેજો દૂર કૈં આઘા!
ન આંસુ આ હવે વ્હાશો! હમારા તર્ફ ના જાશો!
હમે તમને સદા જોશું! દૂરંદેશી હમારી છે!
અરે! કિસ્મત! શિતાબાગી, ઝમેહકર ઝિન્દગી મારી!
હયાની? તૂં ખતમ થઈ જા! મઝા છે ના અહીં તુજને!
હમારી સલ્તનત જુદી! હમે સુલ્તાન કૈં જુદા!
હમારૂં તખ્ત ગાદ્દર છે, હવામાં હીંચકા ખાતૂં!
થયા ઝમીદોસ્ત એ કિલ્લા! ભલે એ પાયમાલીથા!

હમે રોતા રહ્યા હરદમ! છતા એ વાત કહેતા ના!
બડી પૂતળી અમે દિલમાં? ફના થઇ હા! હવે સોલા!

હમે હિઝરાઇ મરવાના ? છતાં એ વાત કહેતા ના !
હવે આ ઝિન્દગી જહન્નમ? અરે હમને હો લ્યાનત !
હમે બેઝાર રોવાના ! હમે બેઝાર રોવાના ?

સાગર.

ગઝલ કવ્વાલી.

રહો દીલમાં સદા સેવા, બધા સંસારને બદલે;
કરી મીઠી નજર દેવા ! હમારા પ્યારને બદલે.
જગતની જુઠી આ બાજી, બને છે મૂર્ખ મન રાજી;
લગાડો આપની લગની, વિષયના તારને બદલે.
વિવિધ વ્યવહારવશ વૃત્તિ, મુંઝાતી મોહમાં સુતી;
સુધારો લક્ષમાં દોરી, બીજા વ્યાપારને બદલે.
વિષયમાં લોટતી રહેતી, હમારી રાંકડી બુદ્ધિ;
તમારા તાંનમાં ખેંચો, જગતના ચારને બદલે.
કરી પરવા હજારોની, નથી સીમા વિચારોની
હવે તો આશરો માંગુ, બધી દરકારને બદલે.
કરૂં કુરબાન તન મન આ, તમારા નામપર પ્યારા
અચળ ઉર દેશમાં રહેજો, બધા આધારને બદલે.
થયું શું ને થવાનું શું ? નથી કંઇ શોધવું બ્હાનું?
ગતિ શ્રી ચર્ણમાં માગું, બધા હોનારને બદલે.

વસંત.

પ્રિયદર્શન.

એસાડી આપ પહલુમાં, નયન અમને બતાવે છે,
સતાવે છે વલી સાચું, ફકીરોને સતાવે છે.
અરે દુનીયા તણા વાસી, દરોના ભય તજી દોને;
એશીરીં રૂહતો માસરી છે, ભવાં નાહક ચઢાવે છે.
ચેહરો વક્ર કરવાનું, શીખ્યા ગંગાજીની પાસે;
છે અંદરથી અતિ શીતળ, જે ઉપરથી ઠરાવે છે.
નીગાહે ગોરથી કાયમ જરા, બૂરકાને ન્હાળે છે;
એ બૂરકોજો ઉડી ચાલ્યો, નજર પ્રિય મુર્તિ આવે છે.
અહા સૌંદર્યનો સાગર, જૂઓ ઉલટયો અહાહાહા;
હવાસો હોસની કિશ્તી, અરે પળમાં ઉડાવે છે.
હસીનો હુસ્નો ખૂબી છે, જૂઓ મુજ જૂલ્ફની ખૂબી
ફસાઇને પડયા તેમાં, તણા દિલ તળ મળાવે છે.
અરે શોહરત અરે રૂઆંઇ, અરે તોહમત અજમત;
લડી મરો એક બીજાથી યહ વામન રામ છોડાવે છે.

બુલબુલ.

હું શું લખું ?

હું શૂં લખૂં ? શાને લખૂ ? કોને લખૂં ? લાચાર છૂં ?
દરિયાવ આંસુના સીના પર રાખીને ફરતો ફરૂં ?

એવૂં છતાં, ભગવૂં જિગર આ રંગવા મથતો ફરૂં !
પર્વા વિનાનો એક રંગી ! આખિરે મસ્તાન છૂં ?
ખિસ્સાં હમારા બે ભરેલાં ? બે નહીં બે ચાર છે ?
જયાં જયાં ઘટે, જે જે ઘટે, તે આપવા તૈયાર છૂં !
મસ્તી હમોને વ્હાલી છે ! મસ્તી તમો સમજો નહીં ?
તમને તલબ છે કે નહીં, તેનૂં હમારે કૈ નહીં ?
કે નાચતા ! કે કૂદતા ! ફરતા કે રમતા હમો !
હૈયે હમારે હોળીઓ સળગે છતાં ગણતા નહીં ?
ગણતાં છતાં ડરતાં નહીં ! ડરતાં છતાં મરતાં નહીં ?
મરતાં છતાં જીવતા જુવે ! જીવતા છતાં જુદા હમો.
એવા હમારા ઢંગ છે ! કંઈ અવનવા એ રંગ છે !
આલમ મહીં આદમ કંઇ જુદા જમાના ના હમે !
દિલબર પરેશાની હમારી ? ને હમે એના થયા !
માનીએ રાહત હમેશાં ! એ નવી તાસીર છે ?
સંસારને વ્યવહારને, દોજખ મહીં ફેંકી દીધા !
વ્હાલા બહુ જો હોય તો, જાતે તમે સંભાળજો ?
ધાનત હમારી સાફ છે ! નીતિ હમારી પાક છે ?
મૌલા હમારો નેક છે ? તો બીક શી વ્યવહારની ?
જુદી ગિરફતારી હમારી ! ધ્યાન પણ એ થાય નાં !

કહેજો હવાઇ ખ્યાલ છે : નાદાનિયત કહેજો તમે !
શાણા કહો કે કહો દિવાના ! જે કહો તે કહો ભલે !
મસ્તાન પણ મહબૂબના મિસ્કીન અને ફિરવી હમે ?
મર્ઝમાં રહેતા છતાં ઉલ્ફત રકમ કંઇ હોય તો,
ફરમાવજો દિલદારના હમેશના ફિદ્વી છીએ ?
જો આપણા વ્યવહારનું, કંઈ પૂછશો તો ના નથી !
અજ તર્ફથી તો હર્ફ એવો, એક પણ લખ્યો નથી !

સાગર.

ખોવાએલું બુલબુલ.

મ્હારૂં ખોવાએલૂં બુલબુલ ?
મ્હને કોઇ હુંઢી બતાવો !
મ્હારૂં નૂર વિનાનૂં મકાન ?
અરેરે ! કોઈ દીપાવો !
મ્હારાં ચશ્મ ઝરે દિનરાત !
દિવાનાને કોઇ મનાવો ?
મ્હારૂં હૈયું રડે ગમગીન,
ફરી જરી કોઇ હસાવો !
હું બેહાલ બન્યો છૂં ગરીબ,
ગરીબી કોઇ ફિટાવો !

મ્હારા દર્દનું કોઈ હકીમ
અરેરે ! જુદાઈ, મિટાવો !
મ્હારૂં ખોવાએલું બુલબુલ
મ્હને કો દીદાર દિખાવો ?

સાગર.

વાંચનારને.

શાન્તિથી વાંચજે વ્હાલા ?
ધીમેથી વાંચજે, વ્હાલા ?
મધુરી મંજુલ વાણીથી, ઉર ભરજે ઉદ્ગાર;
સમજી સમજી વાંચતાં, કરજે તત્ત્વ વિચાર;
વિચારી વાંચજે વ્હાલા ?
વેદ, પુરાણ, તથા ગીતા, ઈંજિલ અને કુરાન;
જો ગૌતમ, ઝરથોસ્તને, રાખી દૃષ્ટિ સમાન;
બધું તું વાંચજે વ્હાલા ?
સંજોગો સહુજે મલ્યા, થવૂં ના લેશ નિરાશ !
ઊંડૂં ઊંડૂં ઉતરી, જો જૂના ઇતિહાસ.
તૂં જૂનું વાંચજે વ્હાલા ?
કોણ હતા ? ને કોણ છે ? કોણ થશે કેવાય ?
ચ્હડતી પડતી સર્વની ! શા કારણ સમજાય ?
તૂં કારણ વાંચજે વ્હાલા ?
કેવા હાલ હતા અને, કેવા હાલ જણાય ?
જોજે જો તુજને જડે, કં ઉદ્ધરણ ઉપાય !
ઉપાયો વાંચજે, વ્હાલા

વાંચીને વિસ્તારજે, ત્હારા પ્રૌઢ વિચાર;
સેવા વિશ્વની વાગ-છજે, સર્વ ધર્મનો સાર.
ઉરે એ વાગ-છજે, વ્હાલા ?

સાગર.

પડઘમ.

ઓ લોકરે સંસારના ? ડહાપણ તમારૂં દાટજો !
વ્યવહારની હુશિયારીની ફિશિયારીને કરજો ફના.
વેદાન્ત ને પુરાણના ઇતિહાસને શ્રુતિ સ્મૃતિ !
વાંચો તમો પોથાં બધાં, જૂના નવા બહુ પ્રેમથી !
લાંબા કરી કર ભાષણો, કરતા છટાથી જોરથી !
પણ શૂન્ય કૃતિઓમાં દિસે ! તો એ બધું શા કામનું ?
બચ્ચા બિચારા કુમળાં, અજ્ઞાન જે તેને તમે,
મરઝીથી મારી હોય તેની સાથ હોંસે જોડતા !
ઉસ્તાદ એ બુઝુરગ હતા, શાણા બહુ દાના હતા.
સત્શાસ્ત્ર એ લખનારની, ઉલટા વહી હાંસી કરો ?
ખોટો અને જૂઠો છતાં, જો રાહ પકડયો છે તમે,
તેનેજ બસ ઝિદ્દી બની, ઝીકર કદી ના છોડતાં.
બાળક બિચારાં બોધલાં, ના જાણતા ખોટું ખરૂં !
તેને તમો ઉમ્મર બધીનો, એકરાર કરાવતા !
શાને તમે ઝુલ્મી બની, સિતમ ગુઝારો આવડા !

નાદાનિયત! હેવાનીયત! ઇન્સાનિયત એ છે નહિ!
અશરાફીને યા દાનિયતને, એ મુનાસિબ છે નહિ!
✓ વાલીપણાના હક્કને યે એ લિયાકત છે નહીં!
ભુમિ તમારી આર્યની, બેહિસ્ત જેવી આ હતી!
દાના ઋષિઓ દર્વિશો, માનવ શિરોમણિ રાજતા!
ઇજ્જત હતી કેવી ઉંચી? ઇમાન પણ કેવૂં હતૂં!
જે જે કહે તે તે કરે! કહેતા હતા તે તે થતૂં?
ધ્યાનત હતી બહુ પાકને પરવા હતી ના કોઇની!
રહેતા હમેશ ખુમારીમાં! ખુદાઇમાં પૂરા હતા!
મસ્તાનના મસ્તાન એવા ઓલીયા એ કયાં ગયાં!
રુખસત લીધી આ જહાનમાંથી તોય એ કાયમ રહ્યા!
આલમ તજી બેહિશ્તમાં, જઇએ ફિરિસ્તાઓ બન્યા!
આફ્રીન હો એવા સિતારાને કરોડો બન્દગી!
કેવા હતા જંગી બધા જોગી તમારા દેશમાં.
મત્સ્યેન્દ્ર ગોરખનાથ, એવા નામ કૈં સુણ્યાં હતાં!
કૃષ્ણ હતા કૈં વીર પુરૂષો! રામ પરશુરામને,
અલ્મસ્ત ભીમ, પૃથુ સમા વીર રાજવી વિસરાય ના!
જે થઇ ગયા તે થઈ ગયા! હાવાં થતાં કોઇ નહીં?
કારણ કદીએ શોધવા, દિલમાં ફિકર કરતા નહીં?
કરતા ફીકર ને શોધતા, તેનૂં તમે માનો નહીં?
✓ આ દેશના આ વેશથી આવેશ કૈં આવે નહીં?

જે જે હતું તે તે હતું, સહુ પાક નૂર પ્રતાપથી,
એ નૂર ન્હાના બાળકોનાં લગ્નથી લય પામતું ?
એ નૂરથી જે શૂર સઘળું દેશમાં વહતું હતું ?
તે પૂરપાટ જતું રહ્યું ! પરવારીને ખાલી થયા ?
ભૂમિ તમારી ખોઈ બેઠા રૂઢિના પૂજારીઓ ?
આસુરીએ દુઃખી કર્યો ! તોયે બલા જાતી નહીં !
શાને તમે હાલું છતાં આવા કુસંગ ગુજારતાં ?
જે કાયદા હુ[illegible] છે, તે કેમ ના અટકાવતા?
એ તમારી જુલ્મગારી ? તે હવે ચલચો નહીં ?
નહીં તો પછી ત્યાં વાગશે કંઈ વખાનાં વાજાં જુદાં?
ઓ વાલીઓ! બચ્ચાંતણું હિત ધારજો દિલમાં કંઈ ?
શયતાનનાં પંચા મહીં બચ્ચાં કુમળાં ના પીલશો?
વ્હાલા બિચારા બુલબુલોને કાગ સાથે જોડતા.
આફતાબ સાથે શબનમ, અરે! તમે વળગાડતા
દિલ દાઝતું [illegible] સાથે તીખીને ?
જોડાયલી મેના ચકી જોવાય દૂકડ સંગમાં ?
જાણું ન જાણું તે ન પૂછું; આપનું હૃદયજ નથી ?
એ બાપડાં શાને ખમે ભૂલો તમારી ભોગવી ?
મેના બિચારી રાંકડી ઉલ્ફત મુરાદે તરફડે !
બેચેનીમાં જોડી વિના એ શેર શું જીવતો રહે ?
દિલના ઉમેદીમાં કહો ! દિલદારની જોડી વિના,

દિલથી છુપેલી વાત કૈં કેવી રીતે, કયાં કહી શકે?
કયાં ઠાલવે હૈયું બિચારા ? બાપડાં રોઇ રહે ?
એ દામણા દિલ દાઝતાં! તેનું તમારે કંઇ નહી?
એ નાઇલાઝથી કદિ જો જાય જોડી ઢૂંઢવા,
લાઝિમ નથી, એવૂં કહો; ત્યારે કરે શૂં બાપડાં?
વારૂ; હવે કહેશો જરા આવી ખિલાફી રૂઢિની,
કોણે લખી? કયાં કયાં લખી? સાચૂં જરા સમજાવશો?
આફ્રીન હો અક્કલ તમારી! એ મુબારિક આપને ?
શાણા તમે તો હો ભલા! એ આપશો ના કોઇને?
જયાં રુચતૂં આવે તમે ત્યાં શાસ્ત્રને બાઝી પડો?
જયાં ફાવતૂં આવે નહીં, ત્યાં ચશ્મ હીન થતા તમે?
જકડાયેલા ઝંજીરમાં બન્દા બની આસુરીના?
એની ગુલામીથી તમે કયારે તમે છૂટા થશો?
ઝાઝૂં અગર શૂં શૂં કહૂં? શાને કહૂં સુણતા નથી?
બ્હેરા થયા માલૂમ છતાં પરઘમ નકામૂં ઠોકતાં?

સાગર.

દિલ્બરને.

અયે દિલ્બર! દીવાનાને–દિલે કૈં દાગ લાગ્યો છે;
ખફા થાકે સફા કરતૂં! હવે ઇતબાર રાખ્યો છે. અયે૦
નથી કૈં સાહિબી ઓછી; ઝમીંને દૌલતે ભરપૂર;
નથી પર્વા ખજાનાની! તમા હૂં તમામથી છૂં દૂર! અયે૦

તમા મ્હેં ફકત રાખી છે, જહીં માશૂકનું હો નૂર !
તહીં આ દિલ દિવાનૂં છે ! રહેતું એ નશે ચકચૂર ! અયે૦
બની યા પાયમાલીની, હવે પત્તો પતાવાની ?
મગર કયારે છૂપું પેનૂં, મ્હને તું નૂર બતાવાની ? અયે૦
રહું છું દીન ને ગમગીન ! પરીના ગારમાં ઘૂમૂં ?
સબુરી એ ગૂમાવૂં છું ! કહીં એ હુસ્નને ચૂમૂં ? અયે૦
કહીં છે ? આવશે કયારે ? બતાવી દે ! બતાવી દે !
અગર મારૂં કફન કે બદન, માશૂક ! જલાવી દે ? અયે૦
હજી તીણી અણી ભાલા તણી ભોંકયા કરે શાને ?
બદલ કર આ દફર કે કર દફન કબરે દીવાનાને ! અયે૦
ઘવાયો છું ! રીબાતો છું ? ઊંડા આ ઘા ઉપર હરદમ
લગાવાનૂં નવૂં તાઝું, નમક બારીક તું મરહમ ? અયે૦
મગર, આરામની આશા, યકીન ઇન્તઝાર રાખું છું ?
અને, તુજ ઇશ્કના ખયાલે, હજી ગરદન ઝૂકાવૂં છું ? અયે૦

અવાઝની લૂટ.

હમે મોટા અવાઝોથી, સનમને હાક મારી'તી !
હમારા નામની ખુલ્લી. નિશાનીઓ બતાવી'તી !
ઇશારા ચશ્મથી કરતા, તખલ્લુસે ગઝલ ગાતા;
ઉઘાડા મૂકી દરવાઝા, હમે કૈં રાહ જોતા'તા ?
મગર, જાણ્યૂં ? હવે જાણ્યૂં ? ન સાદો પ્હોંચતા'તા ત્યાં !

અરે! અફસોસ! અદ્ધરએ અવાઝો સૌ લૂટાતા'તા!
બડા દુશ્મન બહુ ઝાલિમ! અહીં અસ્માનમાં ઘુમ્યા!
અવાઝોને ઇશારાને અજાણ મઝાને લૂટી લીધા!
લૂટાયા રાહદારીમાં! મૂઝાયા પાય માલીમાં!
હવે ગમગીન ગરીબીમાં! અરેરે! રે! નિરાશામાં!
હમોને ફિક્ર લાગી છે? હવે ઊંડી ઉદાસી છે?
અકારી ઝિન્દગાની છે? અને દરીયો તુફાની છે!
ઘડી ઘડી રંગ જામે છે! રડાવે છે? ઝુમાવે છે!
હસાવે છે! હરાવે છે! ન રોતાં આંસુ આવે છે?
હવે પાછી રહી બાકી, નવેસર ખેલવી બાઝી?
શરાબી કૈં ગુલાબી કૈં ખુશાલી આવશે તાઝી?

પ્રેમી અને દુનિઆ.

બાળકો દેશમાં દુ:ખી, દીન, અસ્વસ્થ સર્વ છે;
છતાં, આર્યો કહેવાતા, હાય! નિદ્રસ્થ સર્વ છે?
પ્રેમનાં બાલકોનો તો, પ્રેમમાં અભિરામ છે;
પ્રેમાત્મા પ્રેમસેવામાં, પ્રેમયાત્રાનૂં ધામ છે.
લોકોને પ્રેમની પર્વા, કહે છે, પાલવે નહીં;
અને જે પ્રેમી આત્મા તે, અપ્રેમીબ નતા નહીં
વિરોધો પ્રેમ સાથે તો, લોકોને નિત્યનાજ છે;

પ્રેમીને લોક નિન્દે છે, એની કયાં, હાય! નાજ છે?
જન્મશું? મૃત્યુ શું? લોકો લગારે જાણતા નથી;
જીવવાના મહા મન્ત્રો, કદાપિ પામતા નથી.
પ્રેમીઓ માત્ર જાણે છે, જીવવું, મરવું જુદું;
પ્રેમીને જન્મમૃત્યુનું, રહસ્યસૂત્ર જાણીતું;
પ્રેમ દુઃખે મરેલાં તે પ્રેમ પામ્યે જીવી શકે;
પ્રેમ પિપાસુ હૈયાં તો, જીવતાં મરતાંજ છે.
સાથરા સ્નેહનાં શાસ્ત્રો, સત્યને ગૂઢ તેટલાં;
હઝારો લાખ કોટિમાં, સાચાં કોકજ જોડતાં,
ઊંડા, ગૂઢ ઘણા ભેદો, ભેદવા, પામવા પડે;
પ્રેમના પન્થમાં પ્હેલાં, શરીરો હોમવાં પડે.
પ્રેમી, યોગી અને જ્ઞાની, બ્રહ્મ માર્ગ પ્રવાસી છે;
આ લોકે સ્વર્ગવાસી છે, ઉદાસી, અપવાસી છે.
બ્રહ્મચારી, સહચારી, વ્યભિચારી અસુર છે,
બ્રહ્મ શાસ્ત્રે મહાસત્યો, લખેલા મશહૂર છે.
સ્નેહચૈતન્ય છોડીને, વિશ્વ વૈવિધ્ય પૂજતું;
અસત્‌માં સત્ય ત્યાગીને, હીંડે હિત ઉવેખતું.

બન્ધ વિમોચન.

છૂટયો છું કેદખાનેથી, ઉભો મેદાનમાં, દિલ્દાર!
ફસાયેલો મઝલમાં, હા? વછૂટયો બેવફા, દિલ્દાર?

હવે છૂટો થયેલો છૂં; ફરી કેદી નથી થાવૂં;
ગુનેહગારી કરી પુરી, ફરી નથી મોતમાં જાવૂં ?
પડેલા પાયમાલીમાં, ભૂલી મજનૂં દીવાનાને;
વહી આપી ફિરસ્તાએ, મકાને આવીને સાને !
જહન્નમની બૂરી ખાડી ! ફસાઇ ત્યાં ફરી થાકયો ?
મગર મુફલેસી તે મૂકી, સનમનો સાળુડો સાહ્યો ?
થવાનૂં હોય બેગાના, ગુલામી જૂઠીમાં સડવૂં !
ન ખ્વાહિશ ઝિન્દાગીનો તો,ભલૂં જીવવાથીએ મરવૂં ?
ગુલામીને સલામી શી ? જિગર વેરાન મ્હારે શૂં ?
જહીં દિલ્તખ્તમાં વ્હાલી, સનમની મૂર્તિ પધરાવૂં ?
તપીને ઇશ્કની ધૂની, જગાવી ભૂત ધૂણાવૂં ?
જપીને ઇશ્કના મન્ત્રો, ફરી ભૂતડાં હૂં બોલાવૂં ?
હવે પરહેઝગારીથી, બહુ છૂટો થયેલો છૂ;
સનમ ? તુજ યારીમાં ભેજૂં, ગુમાવીને ઝુકેલો છૂં ?
સનમ ? હૈયે સદા તારૂં ગુલામી ખત લખ્યું રાતૂં ?
મીનોઇ ઇશ્કની છાપે, કીધૂં કાયમ હમેશાનૂં ?
સનમના હાથનૂં હૈયે, પીધૂં મસ્તી તણૂં પ્યાલૂં ?
પીધેલો છૂં ભર્યો પૂરો ? બીજી પ્યાલી ભરૂં તો શૂં ?
શરાબે ઇશ્કમાં ડુબ્યો ? નશો બીજો કરૂં તો શૂં ?
સનમ દિલમાં રહ્યા લોટી ? બિછાનૂં શૂં કરૂં બીજૂં ?
થઊં છૂં તંગ, ઓ માશૂક ? મગર મસ્તી ચહે બુલ્બુલ

હજી ચ્હડવા તુફાને છે, જિગર તૈયાર, ઓ મહબુબ!
તૂં રાઝી ત્યાં હૂં છૂં રાઝી ! મિઝાજી તો મિઝાજી હૂં;
હુકૂમની રાહ જોતો છું ? ઉભેલો બેફિકર જો તૂં?
હુકમ તુજ તે હુકૂમ હકનો ? હૂં રાઝી છૂં અદા કરવા
હજો દુનિયાની બદગોઈ? મગર તુજ દિલ તણી દુવા.
સનમ રાહનાં અહીંઆ તો, ઉડે આસ્માનમાં નેજા!
અને, આ ઇશ્ક દરિયામાં, ન બિલ્કુલ ઉતરે મોજા!

હમારા સવાલ.

અમીના જામમાં કયાંથી, ઝરી આ ઝેરની આવી ?
કહો, અસ્માન ખુલ્લામાં, કહીંથી વાદળી કાળી ?
કયે શયતાન ભઠીઆરે, મિલાવી કબાબમાં હડ્ડી ?
શરાબી આ ગુલાબીમાં, કહો ? કયાંથી નડે મખ્ખી ?
બગાડે કોણ ? બોલી દો ? ભરેલી પાક આ ભઠ્ઠી ?
બબૂચક! બેકદર! કયાંથી ? મિલાવે દારૂમાં મિટ્ટી ?
મ્હડે બુલ્બુલ ગઝલ ગાવા, ગળૂં બેસી જતૂં કયાંથી ?
અધુરા રાહદારીનાં, કદમ વાંકાં પડે કયાંથી ?
ભરી મજલિસ દીવાનાની ? કહો, ત્યાં દાનિયત કયાંથી ?
ખુદા કિસ્મત ફિરાવે ત્યાં, ખડી શયતાનિયત કયાંથી ?
જિગર ભૂંજાય જાતે ત્યાં, કમી ગરમી થતી કયાંથી ?

બઝારે ખુદ મહોબ્બતમાં, બુરી બરકત ખડી કયાંથી ?
નરોઝે મસ્જિદે રાઝી ! જતાં કયાંથી તહીં કાઝી ?
બિમારીના બધા શોખીન ? તહીં લુકમાનજી કયાંથી ?
ચીરેલી છાતી મરઝીથી ! મલમપટ્ટી તહીં કયાંથી ?
ઠરે અખરોટ ઘુમ્મટપર ! હવાની ત્યાં ઝડી કયાંથી ?
ઉડે બુલ્બુલ ગગનમાં ત્યાં, થતી શરદી કહો કયાંથી ?
સળગતો આતશે દરિયો ? તહીં ઠંડી પડે કયાંથી ?
દિલે દીલે કટારી તે, રહે કાં બેરહુમ બાકી ?
ગુલે અંગારમાં જળતાં, પુદા પર કાં રહમ રાખી ?
થતી ઝાંખી ખુદાઇ ત્યાં, કહો ? પરદો પડે કયાંથી ?
મગર, ચશ્મે જિગર ખોલ્યાં કણું ત્યાં આ કહો કયાંથી ?

હમારૂં ઝાહેરનામૂં.

નવી સુર વૃષ્ટિ સૃષ્ટિને, અમીથી શૂં નવાઝે છે ?
સુતેલા સુસ્ત હૈયાને, અહો ! શૂં એ જગાડે છે ?
અજબ જાદૂગરી, અહો ! જિગર કેવૂં હલાવે છે ?
અહો કમઝોરને આજે, કુતુહુમી કોઈ લાધે છે !
દયા, આદાર્ય, દુનિયાના, ઘણા ભેદો ભણાવે છે !
જિગરને ખુદબ ખુદથી એ, અરે ? આજે બચાવે છે?
નથી લાયક, અહો! દુનિયા, વફાદારી હઝમ કરવા;

રહેમત પણ પડે ભારે ? કહો, ત્યાં શી ઘટે પરવા ?
શું આ કવિતા ગઝલ, એતો, રમુજી કોઈ છે કિસ્સો ?
હમારાં આસુમાં, બોલો, તમારો કેટલો હિસ્સો ?
હમારા દર્દથી તમને, બતાવો કયાં પડયા ચીરા ?
ઝખ્માં છે ? હર્ફ છે આ ? કે બધા લાગે મૂંગાં લીટા ?
ન હમદર્દી ? નવા પરવા ? શરમ નથી કે ? રહમ નથી યા ?
અરે અફસોસ છે ? અફસોસ ? અરેરે બેરહમ દુનિયા !
હવે છે ફર્ઝમાં ઝુરૂરી, અહિં પડઘમ બજાવાનૂં !
અને ઝાહેરનામૂં આ, હમેશાંનુ સુણાવાનૂં;
બધાંને છૂટ છે સરખી, ભલે દિલ ચ્હાય ત્યાં જાવૂં;
મગર આ ઇશ્કદરિયાનૂં, ન એકે બાંધ છે ખ્હારૂં ?
છતાં, ચ્હાશો ન કો હમને, ઇરાદો હોય મતલબનો
ન દુનિયાદારીનો કબજો, પછી નાતો કશા ખપનો ?
લખાવ્યૂં છે શૂં રોવાનું ? લલાટે ભેખના લેખો ?
થવા ભિખારી છે મરઝી ? ચહો તો લ્યો ભલે કેડો !
ખપી જવૂં છે પૂરેપૂરૂં ? બધી અક્કલ ગુમાવી છે ?
ભલે તો આવજો આંહી, જિગર હરદમ ઝુકાવીને !
જલાવીને બધી દુનિયા, ખુશીથી રોશની જોવા;
નવેસર આંસુની આલમ, અહો તાજી કરી દેવી !
ભડકવૂં ના, થશે ભડકો ! ઝફાને બાફ ને ખ્વારી !
બુરી ગરમી સહેવાને, બરાબર છે શું તૈયારી ?

નહીં તો લોક દુનીયાના, ડહાપણુમાં પડયા રહેજો ?
ભૂલ્યે ચૂકયે હમારૂં તો, ન નામે કોઈ દિ લેશો !
હમારા ઇશ્કની વાતો, તમોથી ના હઝમ થાશે !
અજાયબ અટપટી આંટી, તમારાથી ન ઉકલાશે ?
બલા, બદનામી, બુરાઇ, હમે બરબાદી ચ્હાનારા !
મના દુનિયા કરે ત્યાં તો, કૂદીને ખાસ જાનારા ?
અલગ દુનિયા બનાવીને, સુખે બન્દા રહેનારા !
હમારી ઇશ્કધૂંઇથી, જહાંનાં ચશ્મ પૂરનારા ?
હમારા લોકના રસ્તા, ભયંકર ભૂતથી ભૂંડા !
તમારા કાયદા કાનૂન, રિવાજોથી બહુ છૂટા ?
જિગરની શહેનશાહતના, મીનાઇ મુલ્કમાં દાખિલ ?
થવા ઇજન કબૂલ્યૂં છે ! હમે એ રાહમાં શામિલ ?
તમારા મર્તબાપરના, હમારી ઝિન્દગી મ્હાલે,
હકીકતમાં તમો છો કયાં ? જહાં ઝખ મારવી ચાલે.
દિવાલો જંગી તોડી છે, રહ્યા તે ચીરવા પરદા;
હમે મુર્દાં મિસાલે છો, ભટકીએ જંગલે તપતા ?
હમારી ખકની ચપટી, અરે ? શું બેકદર બૂઝે ?
ચૂમે સોનું રૂપું શાણા, ગમારો પથ્થરો પૂજે ?
હમારા મસ્ત જોગીઓ, નથી જડવાદી કે જૂઠા;
તમારી બેવકૂફી પર, ટપકતી આંખથી સુતા ?
હમારો દેશ છે જુદો, ઝમી હરદમ ભીંજેલી છે;

મગર, વ્હાલાં બધાં રૂબરૂ હમે છાતી ચીરેલી છે ?
ફકીરી હાલના ખ્યાલો, વહાલાંમાં ભરેલાં છે;
કરી ઉલટી કહો થૂ ! થૂ ! બધા એ અવગણેલા છે !
મનાતૂં ના ! ન દેખાતૂં ! બધી પતરાઝી પાજી છે !
તમે આંખો મીંચી ત્યાં તો, ખુદાની ના ઇલાઝી છે?
હમારે તો સનમની શી, અહોહો ! મહરબાની છે !
નશો જરા ઉતરે ત્યાં તો, ફરી એ રેડનારી છે !
હમારી ખલ્કમાં મઝહબ, અજબ છે ઇશ્કદારીનૂં;
ઝમીં અસ્માન ના જૂદાં વહે જ્યલ જ્યાં હયાતીનૂં !
હમારી રાહનાં સાથી, શરાબોમાં ડુબ્યાં રહેતાં !
થતા ઝખ્મો ઝખમો પર તે, નશાના ઘેનમાં સ્હેતા !
શરાબોદો ! ઝખમદો ! દો ! દીવાનાં એ લવે ઘેલૂં !
ફરી ફરી એ પુકારીને, જગાડે દર્દ સુતેલૂં ?
હમારા ઓલિયા મુર્શિદ, લુટાવે હુસ્નની લાલી !
યૂસુફ દિલમાં કરે ખાલી, નશાની પ્યાલી પર પ્યાલી !
ખડો છે દારપર મન્સૂર ! તપે છે દરખતે મજનૂં !
અહો આ ! ભેટ આવેશું ! અજબ ત્યાંથી સુરા બિન્દુ !
હમે દર્દી છીએ, બેશક ? દીવાના આશકો ઘેલા !
મગર દાના કયામતમાં, શું ઘેલાથી થશે હેલ્લા ?
હમારી આવીને આવી, બધી હાલત હંમેશાની !
ભર્યો દરિયો જળે છે જ્યાં ? ફકત દિલબર પરેશાની !

જિગર મન્સૂર, મજનૂંમાં, ઝુકેલું ને ઠરેલૂં છે !
તરંગી એ ફકીરીને, ચહાયૂં એ ન સ્હેલૂં છે !
હમારૂં દિલરૂબા બજતું, અગર બુલ્બુલ રટે ગાતૂં !
તહીં દે તાલને નાચે. હમોને તેજ તે ચ્હાતૂં !
તમારાથી શું સમજાશે, હમારા ઔર રસ્તાએ ?
ભલે ચ્હાજો ! તમારા તો, ગુલામો એ દીવાના છે !
ન ચ્હાતાંને બધાંને તો, હમારા આ પુકારો છે !
ન ચ્હુશો; ન દુઃખી થાશો, ખરો ત્યાં એજ દાવો છે !
ખરા દિલની ફકીરીની, દીવાના આ તરંગીની !
સુણો મિસ્કીન ફિદ્વીની, અરઝ આ ઇશ્કરંગીથી !
હમેશાંના દુવાગીરના અહીં ઝાહિર પુકારો છે !
બધાં ચ્હાનારનો સાગર અવલ આખિર તમારો છે !

પધારો પાદરી બાવા.

પધારો પાદરી બાવા ! પ્રભુની ભાખરી ખાવા !
શરાબોથી ભરી પાવા, નવી બેતો ગઝલ ગાવા !
કહ્યું છે આપણા ઈસુએ, પિતા હૂંથી નથી જુદો !
અને, મન્સુર બોલે છે, ખુદા મૈં હૂં ! અનલ્હક જો !
બિરાદર ! આપણા દેશે ! બધાએ ઈશ્કદર્વેશો ?
अहं ब्रह्मास्मि ઇતિ મન્ત્રો પુકારે છે મહર્ષિ ઓ !

ઇશાની યા કુરાની યા રિકાબી હો કિરસ્તાની!
જુદી પ્યાલી! મગર અન્દર બધેયે દારૂની વાની!
મીચી આંખો હરામી પર અનલ્હકની પૂજા કરવા!
ભલા બુઝુરગ બિરાદર હો! પધારો પાદરી બાવા!
અનલ્હકના અનલ ભડકા! જુઓ! જ્યાં ત્યાં હવે જાગ્યા!
જવાબપી ઝંપલાવા ત્યાં, પધારો પાદરી બાવા!
નવા પક્ષે નવી વેદી! નવૂં નવૂં જાગતૂં જ્યોતિ!
ફરી ફરી ડૂબવૂં દરીયે નવૂં નવૂં લાધ તૂં મોતી!
હજમ કરી દેવતા, બન્ધુ, છુપા આંસુ પજાવી જા;
હવામાં છોડી દો પર્વા, પધારો પાદરી બાવા!
અયે! જો! સાદ ખેંચે છે? પ્રભુનો હાથ તેડે છે;
તૂં જો! જો! દરજો! પેદર! ઇસુનૂં રાજ્ય આવે છે!
પડયાં ભૂલાં બિચારાંને શિખવવા પૂણ પસ્તાવા;
પ્રભુના નામ પર, બુઢ્ઢા! પધારો પાદરી બાવા!
લગાવી તેલ ચહેરાપર, અહા! હસ્તે વદન, વ્હાલા!
ભલા! અપવાસી! ઉપવાસી! પધારી બાવા!
હમારૂં સૌ તમારૂં હો; તમારૂં તે પ્રભુનૂં હો!
જિગર અમીભર નઝર તરથી પધારો પાદરી બાવા!
મહમ્મદ! કૃષ્ણ! ગૌતમ! આ જુઓ? ઓહો ઇસા આવ્યા!
ખૂલે દિલ્દાર દરવાજા! પધારો પાદરી બાવા!
જિગર બ્હોળૂં બિછાવીને સૂલી મન્સૂરની સ્હેવા

વધસ્તમ્ભે હવે જાવા, પધારો પાદરી બાવા !
સૂકાં ખેતર લીલાં થાસે, લીલાં રસભર બની જાશે !
સદા રસ રેલમાં ન્હાવા પધારો પાદરી બાવા !
કદિ કદિ આંસુડાં લ્હોવા, દિલે દિલની દુવા લેવા !
પીધેલા પ્રાણ પ્યારા હો ! પધારો પાદરી બાવા !
સનમના શબ્દના કેવા, અજાયબ બાજતા પડઘા !
ઝીલી કાયમ સૂરા લેવા, પધારો પાદરી બાવા !
મકાનો આ હમારાં તો હજુ ખંડેર છે બાવા !
મગર, દેવળ પૂરૂં કરવા, પધારો પાદરી બાવા !
નવા દાવા ! નવા લ્હાવા ! અસંભવ સંભવિત થાવા !
બધું સ્હેવા, બધું ચ્હાવા, પધારો પાદરી બાવા !
અજબ ! અહો ! અગ્નિહોત્રી છો ! ભલે! એકાન્તવાસી હો !
મગર, અધુરૂં પૂરૂં ભરવા, પધારો પાદરી બાવા !
સમાધિ સિધ્ધ સાથે હો ! નવી જાગતિ સ્ફુર્તિ હે !
નહો ખટકો ! ખુશીથી એ પધારો પાદરી બાવા !
ખટકયા ખામી હોએ તો, નથી છૂટી કદમ ભરવા;
મગર, તનહા ભજન કરવા, પધારો પાદરી બાવા.
પધારો પાદરી બાવા ! પધારો પાદરી બાવા !
જહીં દિલ ચ્હાય ત્યાં જાવા, પધારો પાદરી બાવા !
નવેસર વાયરા વાતા ! ફજરની છે સલામી આ !
ગમે તો એ કબૂલ કરવા, પધારો પાદરી બાવા !

ઘટેતો આવજો, બાવા ! બિરાદર પાદરી બાવા !
વધાવો યા સિધાવો યા પધારો પાદરી બાવા !

અગર લખું લોહીથી ઉલ્ફત !

અગર લખૂં લોહીથી ઉલ્ફત ! નિગાહ કર લાલ રંગતપર !
રજુ કરૂં હાલ ખિદમતમાં, મહેર કર ખસ્ત કિસ્મતપર !
જીવૂં છૂં હિજ્રમાં રોતો, મરૂં બે મોત રે, અફસોસ !
સૂલી જુદાઇની સ્હેવા, નથી કૌવત ? પડયો બેહોશ !
પડયો કાયમ બિમારીમાં ? અરેરે ! પ્રેમનો રોગી ?
રહ્યો હરદમ સનમ જપતો, દીવાનો ઇશ્કનો રોગી !
અગર લખૂં લોહીથી, દિલબર ! કરૂં હયરત કરામત પર !
શહાદત પર મગર ના ના ! જીવૂં ત્હારી સખાવત પર ?
હજી ટકતી હયાતી તે નથી મ્હારી લિયાકત પર !
ઇનાયત પર મગર ત્હારી ! સનમ ! ત્હારી સખાવત પર !
ફૂટેલી કોડીથી, અલબત્ત, કિફાયત મ્હારી છે કિમ્મત !
ચલાવૂં વ્હાણ આંસુમાં મગર ત્હારી શરાફત પર !
ધર્યૂં છે સર ઉપર કરવત નથી હિમ્મત મગર ખુદ પર !
રહૂં મક્કમ યકી નિયત પર ! ફકત ત્હારી રહેમત પર !
ઝમાનો હાલ છે ઝાલિમ ! તૂં જો આશક નરા હત પર !
તૂં વહદતની વહીદે યા કરૂં તયારી તુરબત પર ?
રૂકાવટ કયા સુધી મ્હારે ? કહે, અય ! ગુલબદન ? પ્યારે !

અગર કર કૈં ન ઝરણખ્શી હુવે આ આતંગ હાલત પર !
કબૂલિયત કુલ ગુનાહની છે, રહ્યો ઘર બાંધી ગફલત પર !
મગર ગનીમત મ્હને ધોવા યકીન ત્હારી હુકૂમત પર !
ઝુરૂરત છે ન જન્નતની ! ન હાજત યા મરામતની !
ફનાની ફાંસીએ મરવું મહોબ્બતની મુરવ્વત પર !
ખુવે કાબુ ઇબારત યા હુવે ભુલે કલમ, દિલબર !
મગર ત્હારી સૂરત પર દિલ જીવે ઘેલું, ગરિબપર વર !
વકાલતના યા દલાલતના ! ન કૈ બેલી કયામત પર !
સવાલત પર નઝર કર ! અય ! ખડો ખાકી અદાલત પર !
અગર લખૂં લોહીથી ઉલ્ફત ! નિગાહ કરલાલ રંગત પર !
જિગર સાગર ફકિરીયા ! સનમ હઝરત સલામત પર !

सागर



લીધો વૈરાગ્ય શા માટે ?

(ગઝલ)

હતી શૈય્યા મૃદુ પ્યારી અને જો નારીથી યારી,
વસી'તી વૃત્તિ વિકારી લીધો વૈરાગ્ય શા માટે ?

રહ્યાં સાકી સનમ બાકી હૃદય મજનુન ધુન લાગી,
વીણા જો પ્રણયની વાગી લીધો વૈરાગ્ય શા માટે ?

દીધી ધનવાનને દિક્ષા, ન શીખવી શાન્તીની શિક્ષા,
હર્યાં જો હેમને ભિક્ષા. લીધો વૈરાગ્ય શા માટે ?

રટણ ના રામનું કીધું, દુઃખીનું દુઃખ ના લીધું,
ગરીબને જ્ઞાન ના દીધું, લીધો વૈરાગ્ય શા માટે ?

પ્રભુજી પુછશે કયારે ? જુબાનીમાં જશો જયારે;
જવાબો ના જડયા ત્યારે લીધો વૈરાગ્ય શા માટે ?

જમેમાં જમ તણું મોટું, ઉધારે દેણુ છે દોઢું,
સીલકમાં સર્વ છે લોઢું લીધો વૈરાગ્ય શા માટે ?

રજ્યા ના ભક્તિ વ્યાપારે, અચળ મૂકિત અધિકારે,
થયાં નાદાર દરબારે, લીધો વૈરાગ્ય શા માટે ?

વિશ્વ-વિહારી.-સુરત.

(ગઝલ.)

લગાડી મોહની, પ્યારા ? કઠિન હૈયું શાને !
અહોહો ! નાથ કપટીરે ? બલિહારી તમારી છે !
સ્મૃતિ છે એજ મુખડાંની, ન દેખી હું દુઃખી છું રે;
ગ્રહી જો બાંય તો લજ્જા; તમારાની તમોને છે !
બકું છું હું તમે માનો; જિગરમાં ઘા મને ઉંડા
ઉમળકા આ હૃદયના હા ! કહો ક્યાં ઠાલવું કાંડી ?
કરો ના બૂજ દર્દીની, ન મારો બાંધીને મ્હોડું;
ગ્રહી જો બાંય, તો લજ્જા તમારાંની તમોને છે.
વનોમાં આગીઆ ઉડે, પલક ચમકી રહે છાના;
સુપ્રેમી આગીયા જેવા તમે તોયે પ્રભુ મારા !
ન તાણો પ્રેમની દોરી, બહુ તાણ્યે જશે તૂટી ?
ગ્રહી જો બાંય, તો લજ્જા, તમારાંની તમોને છે !
હું તો આ પુષ્પ છું કુમળું, ઝર્દ આ દર્દથી કીધું;
થજો સ્વપ્ને કરૂણ વ્હાલા ! હણાઉં હેતવાળી હું !
હતાં સાથે: ગયાં ઉડી વિચારો હો વિચારો શે ?
ગ્રહી જો બાંય, તો લજ્જા તમારાંની તમોને છે !
જીવન આ ચંદ્રથી ઓપ્યું, શરીર પાણી પરે લટક્યું !
દુઃખીયણ હું દુભાયેલી જીવું તો શું ! મરૂં તો શું !
અમીની આંસની પ્યાસી કુમુદ આ તો તમારી છે;

અહીં જો બાંય, તો લજ્જા તમારાંની તમારે છે;
અરેરે ? યોગ થાશોમાં થયો તો સ્નેહ જામોના ?
મૃદુથી પ્રેમી બેપરવા યા બેદરકાર જડાશો માં !
અજાયબ સ્નેહના રસ્તા ? અજાયબ ગાંઠ પ્રેમની !
ખુમારી ને ખુવારી છે ? અજાયબ પ્રેમની મસ્તી !

કલાપી.

(દગો.)

કફન વિણ લાશ વેરાને દિવાનાની પડી, દિલબર !
ખફા તેની ઉપર થાતાં અરે ! તુજ હાથ શું આવ્યું ?
દુવાગીર આતમારાથી લઈ જલ્લાદની તલવાર—
ખૂની તુજ હાથ કરવાથી અરેરે ! હાથ શું આવ્યું ?
દઈ દિલદારને ધક્કો કજાના હાથમાં દેતાં—
અરે ! એ પેશકદમથી કહે તુજ હાથ શું આવ્યું ?
કદમ તુજ બોસવા ગબરૂ પડયો' તો પેરમાં તારા—
જફામાં ફેંકતાં તેને અરે ! તુજ હાથ શું આવ્યું ?
હુતી જ્યાં વસ્લની ખ્વાહિશ મલ્યું ત્યાં ઝેરનું પ્યાલું !
મગર તે જામને ભરતાં કહે તુજ હાથ શું આવ્યું ?
મુકદ્દરમાં હતું બન્યું તુજ હાથથી, માલિક !
પરન્તુ એ દગો દેતાં કહે તુજ હાથ શું આવ્યું ?

હુનો બસ મોતનો પ્યાલો ! ખુશીથી જાત પી લીધી!
રહેતાં ચુપ તો એવું, કહે તુજ હાથ શું આવ્યું ?
'જામે શરાબ માશુકને ભરી દે ઓ ભલા સાકી'–
હસીને બોલતાં એવું, કહે તુજ હાથ શું આવ્યું ?
ભરી દેતા રડ્યો સાકી, ત્યારે તું થઇ ગુસ્સે—
તેને લાત તે દેતાં, કહે તુજ હાથ શું આવ્યું ?
ખુદા પાસે દુવા તારી રડીને માગતું તું દિલ,
ખંજર ભોંકતાં તેને કહે તુજ હાથ શું આવ્યું ?
"ફુલોની ગેંદ છે," માશૂક ! છુરી છુપાવી બોલી–
અહો! ખિલાફ્ એ કહેતાં, અરે? તુજ હાથ શું આવ્યું?
જીગર અશરાફ આ મારે ખતા તુજ માફ કીધા છે;
હવે તોબા સદા કરજે, ખુદા માફી તુને બખ્શે !
રહે આબાદ તું દિલબર ! અને ખંજર અરે પ્યાલું
અરે પણ ઇશ્ક કરવાથી હુમારે હાથ શું આવ્યું ?

કલાપી.

જ્વરમા પ્રિયાને.

અરે ! તું વૈદ્ય કાં તેડે? ગળે કાં ઔષધિ રેડે ?
ભૂલી વૈદ્યક શું ગઇ ? વ્હાલી વ્હાલી પ્રાણ !
ફળી અમૃતની પ્રિયે ! તું તું ઔષધ ખાણ !

ભૂલી તું તો બતાવું હું ? ભરે જલ નેત્રમાં આંસુ ?
લલાટે રાખ કર ત્હારો પછી એ તાવ પણ ધ્યારો !
વૈદ્ય રડે તેથી પ્રિયે ! આ દરદી મૂંઝાય,
નાડી જો દિલની અને કર તું કાંઈ ઉપાય.

હૃદયનો વૈદ્ય મ્હારો તું હૃદય રાજી દરદ તો શું ?
મને આ તાવ સારો છે ! મધુરી હૂંફ વાળો છે !
જ્વરથી જોઇ શકાય છે, ત્હારૂં હૈયું પ્રાણ !
બીજી કોઇ સ્થિતિ નહી, જ્વર તે મીઠી લ્હાણ !

અરે ! એ લ્હાણુકા ખોવી ? મને તો ભાવતી એવી !
કટુ કાં ઔષધિ લેવી ? મળે છે જો મધુરી કૈં !
દિલ બુટી તુજથી ઝરે ફૂંણા રસની ધાર !
જોવું જો કૈં પારખું તો મુખ દર્પણ ધાર ?

મને એ મ્હોં અતિ વ્હાલું, ગરીબ મૃદુ ને ફીકરવાળું !
અહીં અહીં આવ ચુમ્બી લઉં ! હવે પગ ચાંપતા થાકી!
સ્મિત મુખ છે પ્રિય મુજને, શુ ના પ્રિય તુજ હોય?
ચિન્તાગ્રસ્ત પરન્તુ આ તુજ મુખ કેવું સ્હોય ?

મને મ્હોં એ બધું વ્હાલું ! કંઇ તેમાં નવું ધ્યારૂં !
અહાહા ! ગોળ ગોરૂં એ જરા શરમાઇને નમતું ?
એ મુખ પાસે હોય તો મીઠું શું ન હોય ?
તાવ હોય કે કાંઇ હો જે હોય તે છો હોય !

પ્રિયે ! મુખ એ હસે છે હા ! ગયો જ્વરકાં ઉડીઆ !
અહીં તું આવ આલિંગું ! નયન મૃગશાં મીચ છે શું?

કલાપી.

ખાક દિલ. (હરીગીત)

આ ખાક દિલ અંગારમાં ભારી હવે તું શું કરે?
છેલ્લું થવું વીતી ગયું તેને હવે તું શું કરે ?
બાળે તપાવે ખાકને શું ખાકથી બીજું મળે ?
આલમ થકી બાનલ ઉડે તેને હવે તું શું કરે ?
બસકર અયી બેઝમ ! હવે અંગાર ત્હારો પુંકવા ?
એ ખાકને બાળે નહીં ! એ ખાક થાશે ? શું કરે?
છે ખાકથી એ કામ ? તો તો હાથ લે ઝોળી હવે !
આરામની કફની વગર તેને મગર તું શું કરે ?
ત્હારી પછાડી આંસુડાં ! તુ માંગતી હસવું ફરે ?
એ આંસુડાં ના લૂછતી તો વ્યર્થ ઢુંઢયા શું કરે?
આ ઝિન્દગીનું પુછવા મ્હારો હવે હક ના રહ્યો ?
ફરિયાદ વિણ રોયા કરે તેને સનમ ! તું શું કરે?
અવધૂતની માળા મહી પારા ફરી લાખો ગયા ?
આ એક પારો ઝિન્દગીનો ફેરવી તું શું કરે ?
અવધૂત હૂં તેને બખીલી એક પારામાં નહીં ?
લાખો કહે; લાખો દઉં ! પણ મંત્ર વિણ તું શું કરે?

આ ખાખને ખાખી સહે યારી હતી જુની કંઇ?
તું તો નકામી ખાકથી મેલી બનીને શું કરે?
આ ખાકના પાસા પરે કો ઇલ્મ સાખી જાણતું?
તે કુદરતથી આ લૂટ આવી તું કરીને શું કરે?
આ ખાક રોતી એટલું! ખાખી રડે તે એજ છે!
બાજીગરે બાજી મગર એવી રચી? તું શું કરે?
રાખી સબૂરી? રાખજે તું એ સબૂરી! ઓ સનમ?
ત્યાં એ રહેના આંસુડાં! કોની સબુરી શું કરે?

પરવાર્યો.

દુઃખી દિલ દર્દને ગાતાં, જિગરની આહમાં ન્હાતાં?
ફના હરકે રાહા વાતાં હવે હું આજ પરવાર્યો!
ન લૂછું એક આંસુ, વા કહું લૂછવાનું ના?
હવે છો ધોધ ચાલે આ? રહી રોતાં હું પરવાર્યો!
હવે આ આંખમાંના છે, કંઇ દાવો, કંઇ ફરિયાદ!
ગમીના જામ એ પાતાં અને પીતાંય પરવાર્યો!
હવે ઝેરનું પ્યાલું છુપાવી શીદ પી જાવું?
તું જો કે રો? ગમે તે હો! તમોથી છેક પરવાર્યો!
હતો મારો ચલાવ્યો તે જિગર મારતાં હસતાં
અરે ખોયું તહીં રોતો રહમથી હુંય પરવાર્યો!
હું પરવાર્યો! ન છે પરવા! સુખે તેને સુણે તું જા?

ખુદાની બંદગી કરજે? હું તો એથીય પરવાર્યો!
હતું તેને સદા રોવું નવું તો કૈં ન છે દેવું,
જતાં જુનું નવું રોશો! પછી તેથીય પરવાર્યો?
હતૂં હૂલાવવું ખંજર દિલે એ હાથ મ્હારાથી!
કરી ઉમેદ એ તારી હવે પૂરી હું પરવાર્યો!
હુકમ જલ્લાદ થાવાને બજાવ્યો આખરે, દિલબર
હવે એ હુન્નરે કાબિલ થઇ તુથીય પરવાર્યો!
ભણ્યો ત્હારી તુફેલ તે હવે અજમાવવું તુંપર!
છુરી નીચે નમી તો જો કરૂં ઘાને હું પરવાર્યો?
ખુદાની આંખ ત્યાં રાતી? મને તેની છે ન દરકાર?
ખુદાથી, ઇશ્કથી, સૌથી, મગજ, દિલથીય પરવાર્યો?
સનમ! તેનો અને તુજ તે, બને જલ્લાદ છો મ્હારો?
વહે પણ ખૂનની નીકો? તહીં હું ન્હાઇ પરવાર્યો?
અરે? આ હાથ મ્હારાથી દિલે મ્હારે છુરી વાતાં?
ના તડકું વા ડરૂં હું ના દરદ–દરથી હું પરવાર્યો!
અદલ ઇન્સાફની ગાડી ખુદાની ત્યાં ચઢી જાવું?
પછી અહા! અહાહાહા! અહોહોહો! હું પરવાર્યો?

પ્યાલાને છેલ્લી સલામ.

ખુદાનું નૂર પાનારા! સલામો છે તને પ્યાલા!
ન-રો છોડી મને જાતાં? મજા જયાં હોય ત્યાં જાજા!

સદા સાકી તણે હાથે ભરેલો 'તર ભર્યો રહેજે!
પડેલા આશકો ફિકકા, જરા લાવી તહીં દેજે?
પ્રથમ દર્દી જિગર પાસે જઇ દે દર્દ ભુલાવી?
ઘડી બેભાનની દેવી ખુદાઇ ત્યાંજ છે ત્હારી?
પછી બાગો મહીં જાજે જહીં માશુક હો આશક;
જિગરને બોલતી આંખે નવાઇ બોલજે બેશક?
હમારૂં કોઇ પૂછે તો કહેજે આટલું પ્યારાઃ-
"અરે? એને ભરી પીતાં સબૂરી ના રહી પ્યારા"!
વતી તારી મજેદારી હસીને બોલજે આવું:-
"ભરી દરિયાવ ન્હાતાં એ જિગર નાના નશે આવ્યું!"
જરી દિલનું કહેતાં કૈં જહાં ઝિદ્દી બધું માંગે?
પછી તો રોઇને ગાજે, "બહુ પીતાં નશા ભાગે!"
અરે! રે ના! તને છોડી નથી કૈં સાધુ હું થાતો!
તને ધિક્કાર નારી એ જબાંઓમાં નથી જાતો?
પરી પ્યાલું બેહિસ્તે એ, ખુદાનો હાથ જ્યાં સાકી;
જહાંમાં તો પછી પીવાંરજા, હક હોય કાં બાકી?
મને ને આસરાબોને જહાં પાપી કેહતી હો?
ખુદા ભોળાં ઉપર રાજી; જહાં ડાહી થનારી છો?
ખરી તો મહેરબાની જે પહેલાં પાપને ભેટે;
બધી ચતુરાઇને તો દયા દેતાં બધાં એ છે?
હમારી તો બુરાઇમાં અધુરૂં કાંઇ એ છે ના?

મગર મોલા ખુદાઇમાં અધુરો કાંઇ એ છે ના ?
ભલા પ્યાલા ! અરે! રાના ! સનમ તારી તને આપું ?
તને માશૂકની ઝુલ્ફે સીસાની સાથ હું ટાંગું ?
મગર તુંને, શરાબોને અહીં કાં રાખવાં હાવાં ?
હમારાં દર્દ તો ભુલી જવાતાંના, નથી જાવા !
હમારા બાગની સડકે સનમ દેતી કદમ ના ના ?
રસીલા તું મઝાઓના ! મજા જયાં હોય ત્યાં જા જા ?
મગર છેલ્લે સનમને તું કહે તો આટલું જાજે:-
"અરે ભોળી ! પરહેઝીથી જરા છુટી હવે થાજે !
"અને દિલદાર તારાને દફન નહીં છેલ્લે કરજે ?
"મગર તેની કરી મિટ્ટી સરાબે ભેળવી દેજે ?
"કરીને કુચ એનાં તું સીસાપર રાખજે નિત્ય !
"ભરી પીતાં પછી એને જરા સંભારજે નિત્ય ?"
હવે કિસ્મત ભલું તારૂં, હજો તારી સહે, વ્હાલા !
જિગરની આ હવે છેલ્લી સલામો છે તને પ્યાલ !

(અમારી સ્થિતિ.)

હમારે તો ચમનમાંથી ગુલોના ખાર છે આવ્યા ?
હમારે તો જહાંમાંથી બધે જલ્લાદ છે આવ્યા !
નથી પીનારને કોને હમારૂં ખુન આ આવ્યું !
ઝુકેલી ડોકપર ખંજર ન દેવું કોણને ફાવ્યું !

હમારૂં ખુન દિલબરને શીશી શરબત તણી ઠેરી !
હમોને તેગ એની એ, દવાઓ દર્દની ઠેરી !
હમે જેને અમી માન્યું, હમોથી દુરએ ચાલ્યું !
જિગરથી ઝેરનું પ્યાલું, તસુએ દુરના ચાલ્યું !
હમોને આ જહાંઓનો, બતાવ્યો માશૂકે રસ્તો !
સનમ જેવી જહાં તેવી, બધે એ એક છે રસ્તો !
નકી એ એજ ખંજરથી હમોને કોઇ દે ખોશે !
પછી તો રોદે ને અફ્ક્ષ બધી પોતાની એ ખોશે !
કબરમાં જયાં હમો જાશુ પુલો ત્યાં આવશે દેવા !
મગર આ ઝિન્દગીમાં તો બની બાલા સદા દેવા !
અરેરે ? આશકો નીતો વધારે મોત છે કીંમત !
સનમને જીવનારાની નહીં કોડી તણી કીંમત !
શરાબો પી હમોએ એ સુખોમાં ભાન ના રાખ્યું !
સુખોનું દુરનું નામે હવે તો છે દિલે રાખ્યું !
નહીં જે આપતાં તેને હવે આ માગવું આવ્યું !
બૂરૂં એ માગવું આવ્યું, મગર માગો નકે આવ્યું !
મળેલું માગતાં જેને ન–કી તે માગતાં આપે ?
ખુદાએ ના–તને આપ્યું, પછી તું શું મને આપે !
ભિખારી સૌ ભીખારીથી જહાંમાં ભીખ માગે છે !
હમારૂં કિસ્મતે કાંઇ સદા એવુંજ માગે છે !

(લુકમાનજી આવ્યા.)

વગર તેડયા અહીં કયાંથી, અહો લુકમાનજી આવ્યા ?
ભલે ! ભૂલા પડયા, બાવા ! મગર શી આ બલા લાવ્યા ?
ઇજન કોણે કર્યું ? કોણે લખ્યો દાવો તબીબીનો ?
અરે ! અહીં કોણ હાઝર છે ? હકીમજી ને સલામીદો !
અરે ! આ નાખીદો નસ્તર, સીસા સૌ ફોડી ફેંકી દો !
ઇરાની દારૂની પ્યાલી હકીમજીને ભરીને દો !
તબીબીજીના બદનમાં બે જલદ પીપો ભરી રેડો !
જનાબે આલી હઝરતને નવેસર ઝિન્દગાની દો !
અરે ? દિલ્દાર ઓ યારો ? શહર શિરાઝમાં ચાલો ?
ભલા મિઝમાનને ગરદન ઉપર ઊંચકી ઉઠાવી લો ?
શરાબોના ઊંડા હોઝે, હકીમજીને ડુબાડી દો ?
મઝા મ્હેમાનદારીની દીવાનાની ચખાડી દો ?
દીવાના ઇશ્કના પૂરા, અરે ! ગુમ દિલ બનાવી દો ?
હકીમીયા તબીબીની હવે તસ્દી પતાવી દો ?
બિમારે ઈશ્કનાં બિસ્તર, તબીબજીને ભુલાવી દો ?
અગર આ ઈશ્કને દરિયે શરાબોમાં સુવાડી દો ?

ઘોર શાન્તિ. !!!

ખો દિલ્દાર ઓ વ્હાલી ! રસીલા સ્નેહી ! ઓ બન્ધુ ?
ડરૂં છૂં, કમ્પૂં છૂં આજે નિહાળી આ હૃદયે સિન્ધુ !
તૂફાનીના, ન ઘૂઘવતો પછાડાના નથી મોજાં;
ડરૂં દેખી મગર ઉંડા ભર્યાં ગમ્ભીર પાણી શાં ?
ઝેલૂં આકાશ આ ભુરૂં બધૂં નવરંગ શું ઉંચે !
લખ્યા આ લેખ શા આવા ? જિગરને બ્હીવરાવે છે !
નથી નિદ્રા; હશે તન્દ્રા ? સુષુપ્તિ વાન જાગતિ;
ન જાણૂં ઓટ આ ભરતી ! ચતી ચ્હડતી અગર પડતી ?
બહો ઊંડાણુ શું ભારી ! ન પ્હોંચે કૈં નજર મ્હારી ?
હશે ઊંડાણુમાં શી શી થતી ત્યાં ગેબ તૈયારી ?
અજાયબ ભેદ એ વ્હાલી ! મિલાવી ના શકૂં ચાવી;
મથું શાને, સખે ! મિથ્યા ! ઉકેલી ના શકૂં ભાવિ;
અજાણી ઘોર છે શાન્તિ ! સનમ ! તુજ હાથ ત્યાં છે;
મગર સાગર મ્હને આજે, ઉદાસી ઔર ભાસે છે !

દાવો:-

ગુનેગાર.

“ગુનેહગારે કદમ તારે ઝુકાવ્યું શિર છે! દિલબર!
“અરે ખંજર દીધું કરમાં, છતાં ના ઘા હજુ કાં કર?
“ગુનાહપર શી રહમ? માશુક! કતલ કર એ હુકમ હકનો!
“ડરે તો દે મને ખંજર ઝબેહ! આ દીલ કરૂં હું તો!
“ઉગામે ના! ન ફેંકી દે! ન થા ગુલ, યા નથા કાંટો
“ના માફી:દે! જખમ ના દે! રડી શું આમ આંસુ દે
“દયા છે તો ન કાં પ્રીતી! ન કૈં તો શું ન ઇનસાફે!
“અરેરે! ક્રુર માયાળુ! મને ઇનસાફ કે દીલ દે,
“ન છે કૈં વસ્લનો દાવો! કતલ કર એ મને લ્હાવો!
“અદલ કર યા ફઝલ કર તું, કંઈ તો ફેસલો દેવા!”

ઉત્તર:-

“કરૂં શું હું? અયે ઝાલિમ! અરે! ત્હારૂંજ આ ખંજર
“ખરે દિલ આ હુલાવ્યું તે અહોહો આજ છે ખંજર!
“અરેરે! દર્દ એ દિલભર! હું જાણું છું, હું જાણું છું!
“વળી ત્હારીજ આ ગરદન જહીં હું બાઝતી હરદમ!
“કતલ થઇ છું કતલ કરીને કતલ ફરી થાઉં શું, દિલબર.
“અરે જો હોંશ એવી તો કતલ કર આ રહ્યું ખંજર!
“વળી ખંજર શે ફેંકી દઉં? હતું તે એક દિન સીને!

" પડે નીચે બને ટુકડા ! ગયો છે તું ! ન ખાઉં તે !
" ભલા ઇન્સાફ શું આપું ? અરે આ દિલ છે આપ્યું !
" મગરરે ! એ જિગર તારૂં ગયું તે શી રીતે રાખું ?"

યાચના:-

" અયે એ આમ શું ઉભી સદા રહેજે લઇ ખંજર ?
" કદમમાં મોત માગું તે નહિ શું આપસે દિલબર ?
" નહીં તડપું ડરે છે કાં ? તું દે કાતિલ કે બોસા !
" હવા આ વાય છે બીજી ? ગયો દિલબર મળે ના ના !
" જીગર આ ફાટશે માશુક ! અને તું દેખશે ચીરા !
" રહેવા દે તું જોવું એ ? જિગર તારૂં કરી લેને !"

સ્વીકાર:-

" ભલે તો લે સુખે ચુમ્બી ! તને હું આવ ભેટું છું ?
" મગર અફસોસ ! દિલ આ તો નહિ ભેટે નહીં ભેટે !"

ભેટ:-

" અહાહા ! શી ખુમારી છે મને આવીય આ ભેટે !
" વફા છું તો પછી, માશુક ! જિગર પણ ભેટ એ લેસે !"

કલાપી.

ત્યાગ.

હું જાઉં છું ? હું જાઉં છું ? ત્યાં આવશો કોઇ નહીં !
સો સો દિવાલો બાંધતાં ત્યાં ફાવસો કોઈ નહીં !
ના આંસુથી ના ઝુલ્મથી, ના વસ્લથી, ના બન્ધથી,
દિલે જે ઉઠ્યું રોકાય ના ! એ વાત છોડો કેદની !
સૌ ખુશ રહો જેમાં ખુશી ? હું જ્યાં ખુશી તે હું કરૂં !
'શું એ હતું ? શું આ થયું' એ પુછશો કોઇ નહીં !
કૈં છે ખુશી ! કૈં છે નહીં ! દિલ જાણતું જે છે તે છે !
જ્યાં જ્યાં ઠરી દિલની ખુશી ત્યાં ત્યાં ખુશી દિલ છે નહીં !
પેદા કર્યાં' તો ઇશ્ક ત્યાં ના કંઇને પૂછ્યું હતું ?
એ ભૂંસવા જો છે ખુશી તો પૂછવું એ કૈં નથી ?
છે ઇશ્ક જોયો ખૂબ તો જોવું હવે જેના દીઠું !
કિસ્મત બતાવે ખેલ તે આનન્દથી જોવા સહી !
આ ચશ્મ બુરજે છે ચડ્યું આલમ બધી નિહાળવા !
ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં !
મ્હારી કબર બાંધી અહીં ત્યાં કોઇને સૂવાડજો ?
હું જ્યાં દટાઉં ત્યાં પુલોને વેરશો કોઈ નહીં ?
છે શું પુલો, શું ઇશ્ક ને શું સૌ તમે જાનારને ?
આ ચાચલું દરિયા તણું તે ઉર્મિઓ ગણતું નથી !
મુજ ઉર્મિ એ તમ વારિધિ ? તમ વારિધિ મુજ ઉમછે?

જે હીકમતે આ છે બન્યું તે જાણશો કોઇ નહીં ?
શું પૂછવું શું બોલવું ખુશ છો અને રહેજો ખુશી ?
વ્યર્થ આંસુ ખેરશો તો લૂછશે કોઇ નહીં ?

કલાપી.

હવે આરામ આ આવ્યો.

કહીં છે એ જીગર મારૂં ? કહીં છે આંસુની ધારા ?
કહીં આનન્દ છે મ્હારો ? સહુ મિજમાન એ પ્યારાં !
સહુ મિજમાન બે દિનાં ! હવે ઘર આખરે સુનું !
ઉપાડું ભાર હું મ્હારો ! મદદ કોની કહી માગું ?
દયાના શબ્દને કાને પડે ભણકારા ના કો દી ?
સદાની પાયમાલીના ભર્યા ભણકાર છે આંહીં ?
અહાહા ! ઇશ્ક ? તુંમાં હા ? બહુ આનન્દ રેલ્યો'તો ?
હતો હું ચાહતો ત્યારે ભરી દીલ ખુબ મ્હાલ્યો'તો ?
અરેરે ઇશ્ક ! તુમાં રે ? ભર્યાં પ્યાલાં ગમીનાં એ ?
હવે તે જાત મ્હારીથી કરૂં સાબીત છું આજે ?
મગર છાલાં પડેલું આ જિગર જ્યાં ખુન ચાલે છે,
"હવે આરામ આ આવ્યો !" કહે ધબકારામાં આજે ?

કલાપી.

કવિની કવ્વાલી.

(દેશ ગઝલ.)

જ્યાં જ્યાં નજર મારી ચડે, ભાળું કવિના જુથડાં;
રવિ અસ્ત થાતાં તારલા, ઝગમગ કરે ગુજરાતમાં. ૧
કોઇ જામની પ્યાલી ધરી, અલમસ્ત મસ્તાના ફરે;
કોઇ ખાસ દીવાના બની, કરે દીવા મધરાતમાં. ૨
કોઇ પાંખ બુલબુલની ધરી, ઉંચ ઉડે આકાશમાં;
ફીદા થયા કોઇ આમ્ર વૃક્ષે, કોકિલા ટહુકારમાં. ૩
સ્વર્ગીય મધુલીયાં ફરફરાં, સ્વર્ગીય બાજે બંસરી;
એ દિવ્ય ધ્વનિની તાનમાં, સ્વર્ગીય કોઇનાં ગીતડાં. ૪
હુકકારમાં આલમ બધી, આજે પૂરી મશગુલ છે;
હુકકારને ધિકકાર વ્યાપ્યે, ભાવશું જ નકકારને. ૫
"કવી જન્મતા" એ દિન ગયા, આજે નિશાળો થોક છે;
મુશ્કેલ માર્ગો છાંડીને, રસ્તો બનાવ્યો રેલનો. ૬
એકાદ હળવદ ગાંઠીયે, ગાંધી ઉઘાડે હાટડી;
બે ચાર શબ્દો લૂંટી ગુંથી, ને ભરે બઝાર આ, ૭
શબ્દો તણી કરી પૂતળી, ઓઢાડે આછી ચુંદડી;
તે પાસ ફરીને કૂદડી, પોતે વરે નિજ બાળને. ૮

"ઓલ્યા જોશી."

થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?

(ગઝલ કવ્વાલી)

ઘટી જ્યાં સ્થૂલમાં શક્તિ, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
હટી હૈયેથી જો ભક્તિ, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
હતી જ્યાં હાજરી હરદમ, હજારોની અરિ નાયમ,
રણે લડતા ને ખાતા ગમ, થતી ત્યાં કાર્ય સિધ્ધિ શી?
કટી કમજોર થઇ ભારસી, શહન શકિત ગઇ નાશી,
શ્રમે સેહજે જતા ત્રાસી, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
રતિના જ્ઞાનમાં રાખી, રહયા અજ્ઞાન રસ ચાખી,
સદા રહેલા અસત્ ભાખી, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી?
મટી મમતા ન માયાની, કરી સંભાળ કાયાની,
પ્રતિતી નાજ પાયાની, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
મતિ મોહી અધર્મોમાં, શ્રદ્ધા ના રહી સ્વકર્મોમાં,
ભૂલ્યાં જ્યાં ભાન ભરમોમાં, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી?
કૃતિ કાંઇ કારમી કરતાં, પ્રભુનો ભય નહિ ધરતાં,
વૃતિ ખોટી કરી ફરતા, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
ચટી ચોરી તણી લાગી, કુબુદ્ધિ ના કદી ત્યાગી,
દરિદ્રી દુઃખના ભાગી, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
છતી આંખે બની અંધા, ન કરવાના કર્યા ધંધા,
બદીના બેશરમ બંદા, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?

ફરી નફટ થઈ નાચો, ભિખારી ભીખ જઈ યાચો,
નથી સિદ્ધાંત એ સાચો, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
લટી લલના ભણી લીધાં, ઉધારા વેર ના લીધાં,
દયાના દાન ના દીધાં, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
છટીને છેકરે છોડયાં, વિનય વિવેકને તોડયાં,
વડિલનાં નામને બોળ્યાં, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
અટી અવનિ નહીં આવ્યાં, કળાના કંઈ અહિં લાવ્યાં,
સ્વ બંધુને નહિ ભાવ્યાં, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
સટી શાન્તિ સદનમાંથી, ગઈ કાન્તી વદનમાંથી,
ચહ્યું મંગળ રૂદનમાંથી, થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?
ઝટિતી જે હરી લેતા, દુઃખો ને સુખ સૌ દેતા,
રટી ના હા હરિ રહેતા ! થતી ત્યાં કાર્ય સિદ્ધિ શી ?

નરહરિ બી. શર્મા.

" ફરી બેઠેલી માશુકને "

(ગઝલ)

હતા મુખ બોલ જૂદા, આજ–આ વ્યવહાર જૂદો છે;
થયો ચકરાર જૂદો, ને થતા આ વાર[1] જૂદો છે.
હૃદય મુજ હાથમાં લેવા, મીઠા જે બોલ બોલ્યાંતાં;
કહો છો આજ, કે–એ, બોલ કેરો સાર–જૂદો છે.

હશે બોલી જવાયું, એમ કહિને-છો-ફરી બેસો;
કહો? શું ભિન્ન છે ગુલાબ? તેનો ખાર[2] જૂદો છે.
હમે તો માનશું, કહેશો તમે તે, ન નહી કહીએ;
છતાં એ યાદ રાખો-કે, બધો સંસાર જૂદો છે.
ન બાધો આંખ પર પાટા, કહી દ્યો કે-"ખુશી મ્હારી;"
હમારો ક્યાં તમારી રાય[3]થી વિચાર જૂદો છે.

દિવાનો.

દગાબાજ આશકને!!!

(દીવાનાનો પ્રત્યુત્તર.)

(ગઝલ.)

હતા મુખ બોલ એના એ, અને એ એમ રહેનારા;
હતો ચકરાર એનો એ, ન જૂદા વાર થાનારા
મીઠા જે બોલ બોલીને, અમારૂં દીલ લુભાવ્યું તું;
અમે રે'શુંજ એના એ, તમે છો આમ ઠગનારા.
બધી આલમ તમારી છે, પછી પરવા નહિ મારી;
જરા એ જાણતી ન્હોતી, જુદાઈ આમ કરનારા.
"હૃદય છું જીવું છું વ્હાલી,જીગર આધાર મારો છું;"

(૧) વાર=ઘા. (૨) ખાર=કાંટો. (૩) રાય=મત.

ફસાવી આમ ભોળીને, ગણું છું આંખના તારા.
અમે તો માનસું બધું એ, જરાએ ના નહિ કહીએ;
પરંતુ લોકના મ્હોંએ થકી, ના બોલ ટળનારા.
"મટુ કે હું મરૂં તોએ: નહિ પરનો કદી થાઉ"
પરંતુ ચાલ બદલી આપ, શીદ સળગાવો અંગારા.
ભલે ચાહે કરો તેમાં, હું રાજી ને ખુદા મારો;
મને પણ યાદ આવે છે, વચન શાયર તણા પ્યારા,
"અગર દાનીસ્તમીરોઝે, અજલ દાગે જૂદાઇરા;
નમી કરદમ બદીલ રોશન ચેરાગે આશનાઇરા."

બુલબુલ.

એક ઇચ્છા.

શુભ ભાવના કંઈ કંઇ અનેરી મમ હૃદય ખિલાવજો,
ને સ્નેહ સેવા ઉર્મિંઓ અમ અંતરે પ્રકટાવજો.
ઉલ્લાસનાં રશ્મિ અનેરા ચિત્તમાં પથરાવજો,
પ્રભુ આપ પ્રકટી હૃદયમાં પ્રભુતા બધેય બિછાવજો.
માંગુ પ્રભુ હું એટલું સુદ્ધિ હૃદય વિસ્તારજો,
પ્રભુમાં રમું 'શિવ' માં શમું વરદાન એટલું આપજો.
આમિન નાથ પુકારજો.

દિપાવલી
૧૯૭૫ } નટવરલાલ એમ. વીમાવાળા

(ગઝલ)

અરે ! મુજ દેશ બન્ધુ હો ! ન શું સૌ આપણે ભ્રાતા ?
ભૂલી ભેદોપભેદો તો નહીં કાં એક સૌ થાતા ?
ભલે બંગાળી–પંજાબી, ભલે તૈલંગી મદ્રાસી !
ભલે દક્ષિણી–ગુજરાતી, ન શું સૌ હિન્દના વાસી !
ભલે હો હિન્દુ-મુસલમાન, ભલે હો પારસી·ક્રીશ્ચ્તાન !
પરન્તુ બન્ધુ ? એ સૌયે નહિ શું હિન્દના સંતાન ?
સુધારક કે રૂઢિ રક્ષક, ભલે મિતવાદી કે ઉદ્દામ;
રૂચે જે તે ભલે હોયે !–જુદાઇ તેથી શાને આમ ?
રહી હિન્દની ગરમાં શું ન લોહી હિન્દનું વહેતું !
જરૂર સંતાન ભારતનાં સહુ આપણ છીએ બન્ધુ !

ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા.

પસ્તાવો કરનારને.

(ગઝલ)

તજી ગંગા નદી મીઠી, ધરી ખારા જળે પ્રીતિ,
ગણીએ વાજબી નીતિ, હવે પસ્તાવું ખોટું છે ?
સીધા રસ્તા તજી જંગી, લીધી તેં વાટ જે ગંદી,
બનીને પૂર્ણ સ્વછંદી, હવે પસ્તાવું ખોટું છે ?
ભરેલી થાળ પકવાન્ને, ધકેલી તું ગયો શાને ?
અકારી બાજરી માને, હવે પસ્તાવું ખોટું છે ?

કહ્યું કે ઝેર છે તેમાં, નહીં તે પીશ સ્વપ્નામાં,
તથાપિ નાંખ્યું તે મ્હોંમાં, હવે પસ્તાવુ ખોટું છે?
ન રૂચ્યું જે હતું સારૂં, કર્યું તેં તારૂં મન ધાર્યું,
રડયાથી શું વળે તારૂં, હવે પસ્તાવું ખોટું છે?
ભલાઓ જે કહે છે તે, બૂરાઓને ન રૂચે છે?
પછી ફરિયાદ કરવામાં, બધું પસ્તાવું ખોટું છે?
સુનાની જે તકો ચાલી, ન તે આવે કદી પાછી,
ન સાધ્યું સાધવાનું તે, હવે પસ્તાવું ખોટું છે?

ધનશંકર હરીશંકર ત્રિપાઠી.

"હવે તો આંખ ઉઘાડો"

(કવ્વાલી.)

ખતા બહુ ખૌફના ખાધા, હવે તો આંખ ઉઘાડો;
પડો શું ઉંઘમાં અંધા? હવે તો આંખ ઉઘાડો.
ગુમાવી જીંદગાનીને, ખપાવી સિદ્ધિઓ સઘળી;
લજાવી કુખ માતાની, હવે તો આંખ ઉઘાડો.
ભરી છે વાસના ખોટી, કમાણી શી કરી મોટી?
રહી નહીં અંગ લંગોટી, હવે તો આંખ ઉઘાડો.
રહી છે ભીખીની ઝોળી, સળગતી અંતરે હોળી;
હસો શું ખાખને ચોળી, હવે તો આંખ ઉઘાડો.

કીર્તિને પાણીમાં બોળી, ભરી પાખંડની ઝોળી;
ભ્રમે છે હાનિની ગોળી, હવે તો આંખ ઉઘાડો.
વઢો શું ભાઇ ભાઇથી? બની બૂરા કસાઇથી,
ભર્યો પૂરા બુરાઇથી, હવે તો આંખ ઉઘાડો.
પડ્યાં છે ધર્મનાં કાણાં, ગયાં છે નામ ને નાણાં,
ન જન્મ્યા હોય શું પાણા? હવે તો આંખ ઉઘાડો.
ગુમાવ્યું નામ પૂર્વજનું, ન ધાર્યું ધ્યાન કારજનું;
વગોણું વેઠતાં જગનું, હવે તો આંખ ઉઘાડો.
અરે ઓ! ધર્મના ઢોંગી, અરે ઓ ભોગના રોગી:
અરે દુર્ભાગ્યના ભોગી! હવે તો આંખ ઉઘાડો.
બનો શું દંભના જોગી? બનો શું જૂઠના જોગી?
બનીને કર્મના યોગી, હવે તો આંખ ઉઘાડો.
વિષયની લાલસા લાગી, વચનની વાસના ત્યાગી;
હૃદયની ભાવના ભાગી, હવે તો આંખ ઉઘાડો.
રુવો છો ને સદા રોશો? વિચારો રે? જરા દોષો,
અમૂલો જન્મ શું ખોશો, હવે તો આંખ ઉઘાડો.
અમીનાં નીર કંઈ સીંચ્યા, હૃદયના હીરમાં હીંચ્યો;
મમતના મોહને મીંચ્યો, હવે તો આંખ ઉઘાડો.
બહુ એ પાપ વૃત્તિમાં, તણાયા દુષ્ટ વૃત્તિમાં,
કદી દીઠા નહિ કૃતિમાં, હવે તો આંખ ઉઘાડો.
પાપી પેટને માટે, ચડ્યા શું કષ્ટને કાંટો?

કહિ નહી ક્રૂરતા ખાટે, હવે તો આંખ ઉઘાડો.
વિષયનાં નીચ સેતાનો, ઝીલે છે અંતરે તાનો;
જુઓ, જાગો, જરા માનો, હવે તો આંખ ઉઘાડો.
ચ્હડો કર્તવ્ય મેદાને, ઘૂમીને ધર્મના તાને;
રમો કંઈ મોક્ષના જ્ઞાને, હવે તો આંખ ઉઘાડો.
તરીને તારજો જગને, ભરી નવ રક્તથી રગને,
ટકાવી પુણ્યના પગને, હવે તો આંખ ઉઘાડો.
હૃદયનું નીર લ્હોવાને, કર્યાં દુષ્કર્મ ધોવાને;
પ્રભુની જ્યોત જોવાને, હવે તો આંખ ઉઘાડો.

વસન્ત.

જીભ્હા વિણગાન !

(ગઝલ.)

શું થાય છે જાણું નહી, પણ થાય છે કાંઇ;
સંભળાય ન શબ્દો, છતાં સંભળાય છે કાંઈ.
'કાંઇ નથી કાંઇ નથી' પડઘાઓ પડે છે;
ખાલી જણાએ છે છતાં એ હોય છે-કાંઇ.
જે સાંભળી ના કાનથી, ના આંખથી દીઠી;
એ અવનવી પીંછી થકી-ચીતરાઇ છે કાંઇ.
આંખો કરી છે બંધ કે દુનિયાં સહુ ડૂબે,
હાઃ-તોય હૃદયમંદિરે દેખાય છે કાંઈ.
જીભ્હા હમે કાપી, લઇ ખામોશીની છૂરી;
જીભ્હા વિના પણ હોય કોઇ ગાય છે કાંઇ.

દિવાનો.

નવા વર્ષે.

નવલું! વરસ! શુભ આવતું, આનંદ! નીર રેલાવતું,
આદેશ કંઇ એ દેશ, સેવાના! અનેરાં આપતું.
ગત દેશ પ્રેમી આત્મના, સંદેશ શુભ સુણાવતું,
આનન્દને સુખની, અનેરી! આશ દિલમાં રોપતું.

એ વર્ષ તમ સુખમાં જશો એ દિલ મારૂં વાંછતું.
એ વાંછનાને પૂર્ણવા! નાથ પાસે યાચતું,
નવ વર્ષમાં! શુભ દેશ સેવાઓ! કરી આ જગતમાં
કીર્તિ! અને સુખનો લ્યો લ્હાવ! એ મમ વાંછના!

દિપાવલી. } નટવરલાલ. એમ. વીમાવાળા.
૧૯૭૩

વિધવાનો વિલાપ.

અલિ! કુમુદિની! તું વાટ જોતી; પ્રેમથી તવ પિયુની,
હા! એક દિન એવો હતો, હું રાહ જોતી નાથની!
મારે! ગયા તે દિન સુખના, તું! સખી! સુખી રહી,
હા! હાય! સુખો વહી ગયા, રહી એકલી દુઃખની ઘડી.
એ દુઃખ ક્યાં વીતશે?

ઓ કમલ! તું ખિલ્યું, ખરે તુજ નાથના સંયોગમાં,
મારૂં હૃદયડું બળી રહ્યું પ્રિય! પ્રાણના વિયોગમાં.
વિયોગ કદીના છૂટશે, હિંદુ સ્ત્રીને કરમે લખ્યો,
સ્વામી ગયો કો સ્ત્રી તણો, અવતાર તેનો છૂટી પડયો.
શું સફળ તે કદીયે થશે?

સરિતા તું સાગર નાથને, દૂર ભેટવાને દોડતી,
સખીએ ગુમાવ્યો નાથને, તે અશ્રુ સઘળે વેરતી.
અલી સાથ રમતાં આપણે શું તે બધું ભૂલી ગઇ?
રડતી મૂકી આ દીન સખી, નિજ નાથને મળવા જતી!
વિસરાળ તું ક્યાંથી થઇ?

વિધવા થઈ હું હાય! મારા નાથ સ્વર્ગે! સંચર્યા,
સુખસ્વપ્નથી સર્વે વહી ગયા, ને દુઃખના દહાડા રહ્યા.

કેળાપીઠ સુરત }
તા. ૨૧-૭-૧૫ } નટવરલાલ એમ. વીમાવાળા

ગુજરાત! તેડે હિન્દ રાષ્ટ્રયજ્ઞ મંડપે.

(ગઝલ.)

ગુજરાત! તેડે હિન્દ રાષ્ટ્ર યજ્ઞ ઉત્સવે,
તું સ્વાંગ ધારી સજ્જ થા–વિલંબ કાં કરે? ગુજરાત.
અન્ય પ્રાન્ત બંધુઓ તૈયાર થાય છે,
અનુરૂપ ત્હારા સ્થાનને સામગ્રી લઇ જજે. ગુજરાત.
ગુજરાતના માહાત્મ્ય, સમુ કાંઇક અર્પજે,
જો, અન્યની પ્રમાણુમાં પાછો રખે પડે? ગુજરાત.
એ માતૃ સેવા યજ્ઞમાં આચાર્ય તું થજે,
કૈં દાખવી પ્રભાવ ઉચ્ચ પદ દીપાવજે. ગુજરાત.
તું રાષ્ટ્ર જીવનની પતાકા ધારી ઘૂમજે,
જય ઘોષ હિન્દ માતાનો જગે ગજાવજે. ગુજરાત.

ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

કાનુડા ત્હારી બંસરી.

કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.

રસહીણુ હૃદય સુરત સૂરતામાં રસની રેલ રેલાવ
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
ગીતાના ગાનાર કોઇ ગીત અગીત સુણાવ,
હું નથી પ્રેમ હૃદયે ગોપી, છે રસહીણુ સાથ બનાવ.

કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
જુજવાં એક, એક જુજવાં, હું, તું, તું, હું મયસાવ
સાધકને તન મન કરનારો ભેદી મંત્ર ભણાવ.
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
જલ થંભે, જીવ થંભે, એ તુજ જાદુઇ ખેલ જમાવ
જડ ચેતન નાચે એક તાલે નૃત્ય અનૃત્ય બતાવ.
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
સ્વર્ગ ભુલી, વૈકુંઠ ભુલી ગોપી, ત્યમ સર્વ ભુલાવ;
'વૃજ વ્હાલુ વૈકુંઠ નહી આવુ' બોલ ફરી બોલાવ.
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
વૃજ વનમાં જો વાસ ખુટયા તો તેને આગ લગાવ.
રસ હીણાં મુજ હૃદય તણી નળી છેડી છિદ્ર પડાવ.
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.
જયાં સુધી શ્વાસ રહે તન બાકી બંસી નાદ સુણાવ.
પળ બે પળ લૂટયો લૂટાયો તે જીવનનો લ્હાવ.
કાનુડા ત્હારી બંસી ફરીને બજાવ.

દિવાનો.

નિગાહે સનમ !

એ પુછો દિલને શરમીલી, નિગાહે યાર કેવી છે?
ફરે જે મ્યાનમાં રહી કામ, એ તલવાર કેવી છે ?

નિગાહે તેજમાં એની, ચમક છે વિજલી જેવી ?
ઈલાહિ ખયર ! એ તલવારમાં, તલવાર કેવી છે ?
તરસની'તી દીદારે યારને, કંઈ એક મુદ્દતથી ?
પૂછો એ આંખ્યને કે, લજ્જતે દિદાર કેવી છે ?
બતાવી તેજ અશ્રુ નાજથી, કહેતી, અયે દિલબર ?
એ કેવી છે ? એ કેવી છે ? કહો તલવાર કેવી છે ?
ઘડી ત્રાંસી, ઘડી સીધી, ઘડી ઉંચે ઘડી નીચે;
ફરી વળવા બધે એની, કહો રફતાર કેવી છે ?
સમાઈને જીગરમાં સાફ, ઉતરી એ પછી દિલમાં,
જીગર આ કત્લ કરવાને, નિગાહે ધાર કેવી છે ?

બુલબુલ.

છતાંયે પ્રેમ નહિ છુટે ! ! !


(ગઝલે-કવ્વાલી.)

કદી આકાશ શિર તુટે, છતાંયે પ્રેમ નહિ છુટે,
કદિ જો વજ્રમાં ફુટે, છતાંયે પ્રેમ નહિ છુટે.
સુરત જાગી લગન લાગી, અગન આ અંગમાં વ્યાપી,
ન માચી જાય ઉર ઇચ્છા કદીયે પ્રેમ નહિ છુટે.
પુરો જો કેદખાનામાં, છુપાવો કંઇ ઝનાનામાં,
પ્રગટશે આપ એ જ્યોતિ, કદીયે પ્રેમ નહિ છુટે.

પિછાન્યો પ્રેમ પ્રલ્હાદે, પછાડયું વિશ્વને પગથી,
ધ્રૂજાવ્યા સપ્ત લોકોને, કહિયે પ્રેમ નહિ છુટે.
ઉખેડયા પ્હાડ પાતાળે, વિખેરી વજ્ર છાટોને,
ઉઘાડયા લોહના સ્થંભો, કદી એ પ્રેમ નહિ છુટે.
પિછાન્યો પ્રેમ ધ્રુવ બાલે, અકાલે યોગમાં મ્હાલે,
નચાવ્યું ઇન્દ્રપદ તાલે, કહિયે પ્રેમ નહિ છુટે.
ખરો એ પ્રેમ પામીને, જગતના કષ્ટ વામીને,
હણ્યા બહુએ હરામીને, કદીયે પ્રેમ નહિ છુટે.
હૃદયમાં પ્રેમ લય જાગી, ઉપાધી વ્યાધિયો ભાગી,
રતિ બીતી બધી ત્યાગી, કદીયે પ્રેમ નહિ છુટે.
ત્યજાશે દેહના બંધો, ત્યજાશે સ્નેહ-સંબંધો,
હૃદયના મર્મ બંધાનો, કદીયે પ્રેમ નહિ છુટે.
કરમાશે કનક-કાયા, જશે આ વિશ્વને માયા,
હરાશે હામ ને હૈયાં, તથાપિ પ્રેમ નહિ છુટે.
જડાયો જીવ સાથે એ, નસોના રક્તમાં વ્હે છે,
રમે છે રોમ રોમે એ, કહિયે પ્રેમ નહિ છુટે.
ખરો એ પ્રેમ હનુમંતે, બતાવ્યો ચર્મ ચીરીને,
લખાવ્યા રામને રોમે, કહિયે પ્રેમ નહિ છુટે.
જૂઓ એ! ક્રૂર જોનારા! જુઓ ફરી કોટી ટુકડીઓ,
લખ્યો છે અંતરે ઉંડે, કહિયે પ્રેમ નહિ છુટે.
હસે છે આજ જોનારા! જનારા એજ રોનારા!

હુશે છે એ જશે તોયે, કદિયે પ્રેમ નહિ છુટે.
જશે એ ને અમે જઈશું, જવાનો માર્ગ એ સૌનો,
જશે નહિ એક એનો એ, કદિયે પ્રેમ નહિ છુટે.
જનારાને જવા દેશું, બહુ જોનારને જોશું,
જવું જોવું બધું લેશું, તથાપિ પ્રેમ નહિ છુટે.
દિશાઓ ડગમગાવીને, ગગન આ ખળભળાવીને,
અમર રેણુ ઝુલાવીને, કદિયે પ્રેમ નહિ છુટે.
પ્રભુ એ પ્રેમને પુજે, જગત્ સહુ પ્રેમથી ધ્રુજે,
ખરૂં એ શાસ્ત્રને સુજે, કદિયે પ્રેમ નહિ છુટે.
જશે એ ઇશને આલમ, જશે સૌ ઇલ્મના થોથા,
જશે સૌ બોલનારાએ, કદિયે પ્રેમ નહિ છુટે.
ન રહેશે બોલવું-કહેવું, ન સાંભળવું અને દેવું,
જશે આ વિશ્વનું સઘળું, કદિયે પ્રેમ નહિ છુટે.

વસન્ત.



(નુતન વર્ષાભિનંદન.)

ગઝલ.

અનેરા આ નૂતન વર્ષે, ઝળકતી બાળ ભાનુની,
પરમ જ્યોતિ રસી રૂડી, સગુણી ભાવના ધરજો
મીચાયાં નેન તારાનાં, નયન-કમળો ખુલ્યાં સરનાં,
ખિલાવી દિવ્યતા દિન દિન, ઉણપને ઉણી કરજો.
હૃદય ખોલી ગિરિવર કંઇ, ઝરાવે નિર્મળાં ઝરણાં,
અડગતામાં દયા વાણી, સુણાવે તે શ્રવણ કરજો.
ઉંચે આકાશ આ મોટું, કણે કણ માંય તે છોટું,
થવા મોટા છતાં છોટા, શિખાવે તે શીખી લેજો.
કલાપિની કળા માંહિ, સમાઇ અશ્રુની ધારા,
જુઠા આડંબરી સંસારમાં નિઃસારતા જો જો.
ઉભા મર્યાદમાં સાગર, રહ્યા 'ઘુઘુ' કરી ઘુમતા,
પરાધીનતા મહી સ્વાતંત્ર્ય, ગજવે તે રૂદે ધરજો.
વને વનમાં સુમન રાજિ, શરસ પમરાટ પમરાવે,
ગુણોની લહેજતોની લ્હાણુમાં ગરકાવ થઇ ફરજો.
ગુણી ગુર્જર-ગીરા-વાડી, ફુલી ફળફુલથી ઘાડી,
સીંચી સાહિત્યની જલધાર, ઝૂકીને નમન કરજો.
ઝળકત દિવ્ય પ્રેમોનો, ભર્યો ભંડાર સંસારે,
અમારાં પ્રેમનાં સન્માન, માની પ્રેમ પાથરજો.

ખંડેરાવ માનાજી પવાર.

ગુર્જર-પ્રેમ.

રાગ ભેરવી.

(હવે તો જો જરા જાગી. એ પ્રચલિત રાગ.)

અમે તો બાળ ગુજરાતી.

માત ગુર્જરી ખ્યાત, દેવી સાક્ષાત (૨)
અતિ ફૂળવંત પંકાતી—અમે તો૦
નંદન વન બનાવીને સજી સૌંદર્યથી ઝોળી.
રમકડાં દેવ-ધામોનાં બતાવી બોધ એ દેતી—અમે૦
સાગર-લહેરની દોરી વતી અમને ઝુલાવીને,
અહોનિશ દિવ્ય વાણીથી સરિતા ગાન એ ગાતી-અમે૦
વન ઔષધિ-ઉચ્છ્વાસની નીત ઔષધિઓ આપતી,
જાણે અજાણે બાળકોના રોગ પ્રેમે કાપતી.
ગીરિ તણા સિંહો સમા થાવા અમોને બોધતી,
ગિરનાર, પાવાગઢ સમા દૃઢ થવા ને અનુમોદતી.

ખંડેરાવ માનાજી પવાર.

ગરીબના પેટપર પાટું !

ગરીબના પેટપર પાટુ, અરેરે કાં તમ્હેં મારો;
મફતનો માલ ખાનારા, જરા તો આંખ ઉઘાડો.
ગરીબનો માલ શું પચશે ? રગે રગ ફૂટી નીકળશે;
દુઃખે મૃત્યુ પછી થાશે, જરા તો આંખ ઉઘાડો.
ગરીબની આહ છે બુરી, ન મળશે મટ્ટીએ પુરી;

પછી પસ્તાઇ શૂં કરશો, જરા તો આંખ ઉઘાડો.
તમ્હેં કરશો તમ્હેં ભરશો, અપંગ ને આંધળા થાશો;
વિનાં પાણી ભૂખે મરશો, જરા તો આંખ ઉઘાડો.
તમ્હેં તો જખમ મારો છો, ખુદા બેલી ગરીબોનો;
ખુદાનો ડર દિલે રાખો, જરા તો આંખ ઉઘાડો.
ગરીબો શૂં અરે ? કરશે ? જીગરની આહુતે દેશે;
ખુદા બદલો તેનો લેશે, અરેરે ? આંખ ઉઘાડો.

નવલ.

કીસ્મત્‌ને ? !

છુરી કાતિલ ગળે દઇને, હસે છે કેમ તું કીસ્મત્ !
જીગરની રોશની બુઝવી, હસે છે કેમ તું કીસ્મત્ !
સીતમ બેહદ ગુઝારીને, ભલાઇનો કરે દાવો !
ભરેલું જામ અમૃતનું ઝુંટાવી શું લીએ લ્હાવો !
હવે એ વસ્લની મસલત, જઇ કોની હઝુર કરવી !
વફાઇ–બેવફાઇની સફાઇ કયાં કબુલ કરવી !
હવે અંજામનાં એ કામ મોંઘાં સોંપવા કોને !
હરી અમૃત કર્યો જે ઝહેર તે તો તું જરા જોને !
ઘવાયેલા જીગરને એ હવે મરહમ લગાવી કયાં !
ચ્હડાવી ચક્કરે ફેંકયા,–હસે પડઘમ બજાવી કયાં !
દઇઆ સખ્ત રૂખસત્ ને સખાવત્ ઠીક કહાવે છે !
હતી એ "ગુલ"ની આશા દઇને "ખાર" વાળે છે !

અહા કીસ્મત્! કરામત્ શું તુટયાની ના મરામત્ છે!
ખરાબી દીલ-નવાબીની થતી છો પાક હાનત્ છે!
દીલે એ વસ્લના ખ્વાબે રમાડીને ધકેલે છે!
હરી આ જીસ્મનું એ નૂર-અમૃત કેમ ખેલે છે!
હવે એ રાતમાં વાતો ગુમાવી શું જઇને કયાં!
મનાવી રીસથી મીઠાં સખુન કહેશું જઇને કયાં!
અરે કીસ્મત્ હરી અમૃત ઝહર તું કેમ પાએ છે!
પછાડા ખાઇને "મનસુખ" તૂંથી ત્રાસ પામે છે!

મનસુખરામ વૈજનાથ દવે.

અરે યાદી.

અરે! યાદી! સદા ત્હારી, ફરી ફરી યાદ આવે છે!
જીગરને એ સતાવે છે, અકારી જિંદગાની છે!
ઘડી ઘડી દુર ભાગે છે, હંમેશાં તું નચાવે છે!
તન્નંગરને સતાવે છે, ફકીરી હાલ બનાવે છે!
અહો! બાગો બગીચા છે, ગુલો સારા ગુલાબી છે!
અરે! જ્યાં જ્યાં જવાયે છે, તહીં તૂં યાદ આવે છે!
જીગરથી ખૂન વરસે છે, મગર ત્હારી શરારત છે!
અરે! આ જાન જાયે છે, છતાં તું કયાં ખબર લેછે!
હવે જિંદું જીગર કયાં છે? મરેલું તે મરેલું છે!
દરશ કયાં તું દિખાવે છે! નહીંતર જિંદુ-છે, બસ છે!

નવલ.

" માતૃપ્રેમ ! "

માત હું ! ચાહું તને એ કેમ પ્રકટાવી દઉં !
મુજ નસોના તુજ વીણામાં તાર ટંકાવી દઉં !
કે જુદું ધડથી કરી શિર તુજ ચરણ લાવી દઉં–માત.

દિન ગયો તારા જીવનનો, રાત્રિ આ આવી દીસે,
એ સમયમાં તુજ પરે વિધિ કૈં દુઃખો લાવી દીસે,
ટાળવા તારાં દુઃખો સર્વસ્વ હોમાવી દઉં–માત.

રગરગે મુજ રક્ત વેગે પૂર્વ સ્મરણોથી વહે,
વિરલ શક્તિ સ્પર્શ કીધે તુજ ચરણોથી જડે;
રક્તને એ શક્તિ તારા કામમાં લાવી દઉં–માત.

હાથમાં વીણા લઉં તો તાર–વદી ઉઠે " તુહિ "
અંગથી ભારત ભૂમિની ભસ્મ વદી ઉઠે " તુહિ "
એ "તુહિ" "તુહિ" તાનમાં ચેતન હું ચેતાવી દઉં–માત.

શી ફિકર જો માત તારે કાજ મુજ મૃત્યું થયું,
જન્મ પાછો હું લઈ દુઃખ ટાળવા પાછો મથું,
મોક્ષ પણ તુંથી ઉતરતો માત ! લેખાવી દઉં–માત.

કિર્તિ–શિખરે એક દિન બિરાજતી જોઉં તને,
હર્ષનાં આંસુથી તારા ચરણ હું ધોઉં અને,
ધન્ય હા ! જો પૂર્વ તુજ ગૌરવ હું દીપાવી દઉં–માત.

ચાંપશી–વિ–ઉદેશી.

સનમની શોધ.

અમે અલમસ્ત આનંદી સનમને શોધતા ફરીએ;
સ્વચ્છંદે મા'લીએ જયાં ત્યાં ડરાવ્યા ના કદી ડરીએ.

મદિરા ઈશ્કને રંગે ? બની રાગી થશું રાજી;
અમારા જાન માલોની ! થતી છો આથી હરાજી.

પડીના પ્રાણકે પરવા ! અણુ પરવા સનમ પાંખી;
ભલે ને ઝખ્ખ મારે છે ? પુંઠે દુનિયા અરે આખી.

અમીરો શા' અમિનોકે ? ભલે હો મહાત્મા મોટા;
ભલે કવિ કોવિદો સજ્જન ! અમારે મન બધા ખોટા.

પરમ હંસ બાળ યોગિકે ! ભલે મુલ્લા ભલે કાજી
મહદ જ્ઞાની ગણાતા તે ! અમારે મન મૂળાભાજી

સનમના માર્ગમાં કાંટા, ભલે બોતી બધી આલમ;
ઉલ્લંઘી આફતો અમને, જવાની જુક્તિઓ માલમ.

ક્ષણુ અપવાદ આલમનો સનમ સંગે અચ્યુતાનંદ;
કથિર લોભે કનક ત્યાગી, તજીશું ના સનમ સંબંધ.

સનમના સુત્રથી બાંધ્યા ! અમારા પ્રાણુના તંતુઓ;
અણુ રકતે લખેલું છે ! ઉકેલી જો જીગર જોશે.

તપાસી મુળ તત્વોને ? ઈશ્કના રાહે ઉતરજો;
અમારા વાદે વા'નારા ? વગર સમજયે રડી રોશો.

અલી જાશે તો શું થાશે.

જરા દીદાર દેખાડી અલી જાશે તો શું થાશે:
દિવાની દીલ દિલબરને દઇ જાશે તો શું થાશે.

તસબ્વર ચાંદ સમભાળી, મરે છે આજપર આશક
લબોથી લબ મીલાવી બોસો, દઇ જાશે તો શું થાશે.

બની મસ્તાન તું ગુલતાન ભુલી નીજ દેહનું પણ ભાન;
ડુબેલું ઇશ્કમાં એક ગાન ગઇ જાશે તો શું થાશે.

નઝર કર મહેરબાનીથી જરા બીમારની ઉપર;
શરાબી જામની પ્યાલી, દઇ જાશે તો શું થાશે.

નહીં રીધ્ધી નહિ સિદ્ધી હકુમત માલના દોલત;
ફકત ત્હારીજ છું એ લબ્ઝ કહી જાશે તો શું થાશે.

અમારા ધર્મને માટે.

ગજાવીશું બધી આલમ અમારા ધર્મને માટે;
ધ્રુજાવીશું બધી આલમ અમારા ધર્મના માટે.

શીરે અતિ સંકટો સહીશું, અરણ્ય કાંતો આથડશું;
છતાંએ યત્ન આદરશું, અમારા ધર્મને માટે.

સજ્યાં છે ધર્મના વાધા, વિભૂતી ધર્મની ધારી,
અડગ રહી ચાલશું આગે, અમારા ધર્મને માટે.

અમારો ધર્મ પ્રાચી છે, અમારા મંત્ર છે જુના;
પૂરાણું ધૈર્ય ધારીશું, અમારા ધર્મને માટે.
ભલે બબડે જનો ઝાઝા, નથી પરવા અમોને તો;
ઉરેનથી અન્ય કાંઇ વાંચ્છા; અમારા ધર્મને માટે.
ગૃહીને વેદના શસ્ત્રો અમે બનશુંજ સૈનિકો,
બતાવીશું અતિ શૌર્ય, અમારા ધર્મને માટે.
નથી કાંઇ દેહની પરવા, નથી ઇચ્છાજ વૈભવની;
ઉરે તો આશ એકજ છે, અમારા ધર્મને માટે.
જીવીશું ધર્મને, માટે મરીશું ધર્મને માટે;
(બસ) અમારો મંત્ર એકજ છે, અમારા ધર્મને માટે.

કીસ્મત.

કહી તું જાય છે દોરી દગાબાજી કરી કીસ્મત!
ભરોસે તેં દઇ શાને? આ હુસ્રાજી કરી કીસ્મત-૧
થવા નિજરૂપ દુનિયામાં ઉતરવાનું ઠર્યું કીસ્મત!
કરી તુજરૂપ રંજાડી લપેટી ઘા ઉરે કીસ્મત-૨
ચલાવી પુષ્પમાલા પર નીચે સર્પો ભર્યા કીસ્મત
સનમ્ દીદારમાં નાખી પલક જુદાઇની કીસ્મત-૩
લગાડી કાર્ય કારણની બરાબર સાંકળો કીસ્મત
ભગાવ્યા ત્યાં શી રીતે તેં ઉલટના આંકડાં કીસ્મત-૪

પિછાની બે અને બેને કહીને ચાર હે કીસ્મત!
લખાવ્યા હાથથી શાને! તેં બેને આ એક કીસ્મત–૫
ગણી મારૂં વળી મારૂં ભર્યું દિલ પ્રેમથી કીસ્મત!
તથાપી ત્યાં ભર્યું શાને? શી રીતે? ઝેર તે કીસ્મત–૬
ધરી આશા તણો પાયો ચલાવી તે ઉપર કીસ્મત?
કહીં! ક્યારે? લીધો તાણીએ-પાયો તે અરે કીસ્મત–૭
મૂકાવીને મીઠે ખોળે ભરોંસે શીશ હે કીસ્મત?
કપાવી શી રીતે ગરદન વહેના ખુન પણ કીસ્મત–૮
ઉઠાવી અસ્તિથી દિલને લગાડયું નાસ્તિમાં કીસ્મત?
દરદદિલ રોવું ત્યાં એ--તેં વગોવાવું ભર્યું કીસ્મત-૯
વહે આંખો ગળીધારે–ધુવે દીલદાગને કીસ્મત!
ખુદાઈની મીઠાઇમાં ભરી ખારાઇ કયાં કીસ્મત–૧૦
મુંડાવી કે રંગાવીને કરાવ્યો ત્યાગ કયાં કીસ્મત!
તથાપિ ત્યાં બઝાડી શી! ઉપાધિ બેવડી કીસ્મત–૧૧
મુખે અદ્વૈત ઉચ્ચારી લહી મનથી પૂરૂં કીસ્મત?
કવિતા આ બકવાનું કર્યું શેં દ્વૈત તેં કીસ્મત–૧૨
કહીં કહીં આ દગાબાજી કરે હાના તું શું--કીસ્મત
મને માલીકના કાને પડે ભણકાર ત્યાં કીસ્મત–૧૩
રમાડયો આ દગાબાજી વિષે બહુ છું ખુશી કીસ્મત!
મળ્યો માલીક વેચાયો; કરી લે ચાહે તે કીસ્મત–૧૪

સ્વ૦ મણીલાલ નભુભાઈ ત્રીવેદી, બી. એ.

બોધ

(ગઝલ.)

ગુજારે જે શીરે ત્હારે, જગતનો નાથને રહેજે,
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.
દુનીઆંની જુઠી વાણી વિશે જો દુઃખ વાસે છે,
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દે જે.
કચેરી માહે કાજીનો નથી હિસાબ કોડીનો,
જગત્ કાજી થઇને તું વહોરી ના પીડા લે જે.
જગત્‌ના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે,
નસારા કે નઠારાની જરાએ સંગતે રહેજે.
રહેજે શાંતિ સંતોષે સદાએ નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ કોઇને નહિ કહેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લે જે.
રહે ઉન્મત્ત સ્વાનંદે ખરૂં એ સુખ માની લે,
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે.
કટુ વાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે,
પરાઇ-મૂર્ખતાકાજે મુખેના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.

રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીના તું બધા છલબલ જવા દેજે.
પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્ય માળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દે જે,
કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ,
નિજાનંદે હંમેશા બાલ મસ્તીમાં મજા લેજે.

બાલશંકર ઉલ્લાસરામ

(અમર આશા.)

ગઝલ ભૈરવી.

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે!
ખપ્પા ખંજર સનમતામાં રહમ ઉંડી લપાઇ છે,–કંઇ
જુદાઇ જીંદગી ભરની કરી રો–રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા અગર ગરદન કપાઇ છે.–કંઇ
ઘડીના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી,
હજારો રાત વાતોમાં, ગમાવી એ કમાઇ છે.–કંઈ
ઝખમ દુનીયાં ઝબાનોના, મુસીબત ખોફના ખંજર,
કતલમાં એ કદમબોસી, ઉપર કયામત ખુદાઈ છે.–કંઇ
શમાપર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ,
અગમ ગમની ખરાબીમાં, મઝેદારી લુટાઇ છે.–કંઇ

ફના ફરવું ફના થાવું, ફનામાં શાહ સમાઈ છે,
મરીને જીવવાનો મંત્ર, દીલબરની દુવાઈ છે. કંઈ

ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશીથી તું,
સનમના હાથની છેલ્લી, હકીકતની રફાઇ છે. કંઇ
સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે,
તડપતે તૂટતાં અંદર ખડી માશુક સાંઇ છે. કંઇ

ચમનમાં આવીને ઉભો ગુલોપર આફરીં થઇ તું,
ગુલોના ખારથી બચતાં બદન ગુલને નવાઇ છે. કંઇ
હજારો ઓલીયા મુરસીદ ગયા માશુકમાં ડૂલી,
ન ડુલ્યા તે મુવા એવી કલામો સખ્ત ગઈ છે. કંઇ

મણીલાલ નભુભાઈ.

(અમે મસ્તાન.)

ગઝલ.

જીગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે,
બધા સંસારથી એ યાર બે દરકાર જુદો છે.
ગણું ના રાવ રાયાને ગણું ના આખી દુનિયાંને,
પરંતુ જાન આ પર પ્યારીનો અખ્ત્યાર જુદો છે.
હજારો બોધ મંદિરો મહીં નિત્યે ભલે થાજો,
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે.

બધા પરકાર તુફાને થઈ ચંચળ ચુકે નિશાન,
અમારા ચિત્તનો ચારૂ અચલ પરકાર જુદો છે.
ઘડીભર બેશ બતલાવું, શીખાવું પ્રેમનો જાદુ,
અમો જાદુગરોનો યાર જો બાઝાર જુદો છે.
શીખે જો પ્રેમ પુરો તોજ અચલ અભેદ જાણે તું,
નથી જ્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ વ્યવહાર જુદો છે.
ભલે ને માહુરા પંથે બધા એ દુ:ખને દેખે,
મને તો સુખ સાગર લ્હેરીનો કંઇ બહાર જુદો છે.
થયો જે પ્રેમમાં પુરો થયો છે મુકત સરવથી,
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે.

બાલાશંકર ઉલ્લાસરામ

(અમારૂં તે અમારૂં છે.)

ગણ્યું જેને અમે મારૂં, ન થાશે તે કદી ન્યારૂં;
ભલે ભુડું અગર સારૂ, અમારૂં તે અમારૂં છે.
તમે લાખો દીયો ગાળો, સદા શક દ્રષ્ટીથી ન્યાળો;
છતાં જુદો નહિ ભાળો, અમારૂં તે અમારૂં છે.
ભલેને અગ્નીએ પુંકે, વળી સાગર મહીં મુકે;
નહિ આ શીર મમ ઝુકે, અમારૂં તે અમારૂં છે.
હજારો બેડીઓ રાખો, ભલે બંધન મહીં નાંખો,

રહેશે સ્નેહ એ સાચો, અમારૂં તે અમારૂં છે.
ભલેને દેહ છે જુદો, જીગર જુદુ નહિ રહેશે;
નથી પરવા જનો કે'શે, અમારૂં તે અમારૂં છે.
અમારો પ્રેમ છે સાચો, તમારો યત્ન છે કાચો;
દઈને દુઃખ શું રાચો, અમારૂં તે અમારૂં છે.

બાલાશંકર ઉલ્લાસરામ.

(દર્શનેચ્છા.)

દિલદારના દર્શન વિના, બીજું મને ગમતું નથી,
પૂતળી પેઠે નજદીકમાં, બેઠા વિના ગમતું નથી.
મુખચંદ્ર ઓપે ઝળહળી, ઝરતું સુધા જ્યાંથી વહી,
તે મુજ ચકોર ગરીબને, પીધા વિના ગમતું નથી.
કુદરતતણી બલિહારીના, હું રમું રંગીલો રંગમાં,
પણ હાય! ભરછઠ તને, છાંટ્યા વિના ગમતું નથી.
છો માહરા નોંધે ગુન્હાઓ, નિંદાકોના દફતરી,
પણ મસ્ત તુજ દરબારમાં, આવ્યા વિના ગમતું નથી.
એક જો તું દે ચુંબન મને, તો કરૂ કવિતા ફાંકડી,
પ્યારી ત્હારા ગુણનાં, ગાયન વિના ગમતું નથી.
મોંઘેરા તુજ ચુંબન થકી, મોંઘી કવિતા માહરી,
પણ લેખણીને તુજ છબી, લેખ્યાં વિના ગમતું નથી.

શો મોહ દુનિયાનો કરૂં, દુનિયા દીઠી દો રંગમાં,
પણ માહરે તો તાહરા, એક રંગ વિના ગમતું નથી.

ખટકી ખટક કપૂર કરે, ઝટકી ઝટક અંચળતણી,
છટકી છટક કળ કાળજાની, કળ વિના ગમતું નથી.

તુજ ગૌરશીતળ સ્વચ્છ શર્વરિ, શરદ શર્વરિ નાથના,
પિયૂ ષશીગલ બાંહતે, નાંખ્યા વિના ગમતું નથી.

એ તાહરી આશા દિગંતી, રેખ સમ પીડા કરે,
રે ક્ષણુ પ્રતિક્ષણુ મધુર મુખ, નિરખ્યા વિના ગમતું નથી.

અંતર દાવાનળ જવાળથી, કરૂં ભસ્મીભુત આખું જગત,
પણ બાગ તે તુજ ખેલનો, રાખ્યા વિના ગમતું નથી.

કંઈ સ્વાર્થ કે કારણુ તહારા, પ્રેમમાં મારે નથી,
પ્રેમનું કારણ પ્રેમ તે, વિના બીજું ગમતું નથી.

શો સ્વાર્થ બુલબુલ ને ગુલાબી, રંગમાં આવી વશ્યો,
એને ઘડીભર રંગ તે, જોયા વિના ગમતું નથી.

ઝાઝું ન માગું હું ચહું ઘડી એક મળવા કોટમાં,
પણ લેખતી ન હિસાબ તું, રોયા વિના ગમતું નથી.

પ્રતિ રાત્રીભર તુજ ભ્રાંતિમાં, પોકાર બાલ ઉંડા કરે,
ગમતું નથી ગમતું નથી આખું જગત ગમતું નથી.

બાલાશંકર ઉલ્લાસરામ.

(વસંત તિલકા.)

માતા કદી શિશુ પરે બહુ ક્રુદ્ધ થાયે,
સંતપ્ત થાય વળિ તે ઉપરે પિતાયે,
તોએ પુનઃ ઉભય પ્રેમ ધરે સ્વચિત્તે,
થાઓ કૃપાળું પ્રભુ? હું પર તેવિ રિતે.

ગુજરાતનું રાષ્ટ્રીય ગીત.

(ધનાશ્રીની ધુનમાં)

વ્હાલું વતન ગુજરાત અમ્હારૂં વ્હાલું વતન ગુજરાત !
સ્વર્ગભૂમિ સાક્ષાત અમ્હારૂં વ્હાલું વતન ગુજરાત !
પારનેરને પાવાગઢસમ ડ્હાડો જ્યાં રળિયાત.
પૂણ્ય પ્રવાહે નદી નર્મદા તાપી વહે દિનરાત.-૧

કરણરાજ ને સિદ્ધરાજ એ ગુજરાતના નાથ
નિજ યશજ્યોતિ થકી કરી ગયા ઉજમાળૂં ગુજરાત-૨

નરસિંહ, મીરાં, કૃષ્ણ સુદામા, અશોક પ્રભુ અવતાર
પુણ્ય પગલિયે પાવન કીધી દિવ્ય ભૂમિ ગુજરાત-૩

સાક્ષર ભૂમિ રાજનગર ત્યમ સુરત અને નડિઆદ
નર્મદ, બાલ, કલાપી, ગોવર્ધન' દલપત પ્રખ્યાત-૪

ભારતીય સામ્રાજ્ય તણો એ બાહુ અડગ વિખ્યાત
અન્ય પ્રાન્ત બન્ધુઓ સાથે વિહરશે ગુજરાત.-૫

જનાર્દન ન્હાનાભાઈ પ્રભાસ્કર.